ત્તિ ૧૧ મી. કુલ પ્રત ૪૪,૦૦૦.

( ઘણાં સ્ટેટોમાં ટેક્સ્ટ બુક છે. )

નવું

# સરલ મુખગણિત.

( બાળવર્ગથી ધોરણ ૫ સુધી. )



કિંમત ત્રણ આના.

પ્રેમચંદ કુરમચંદ શાહ.

નવું

# સરલ મુખગણિત.

(બાળવર્ગથી ધોરણ પાંચમા સુધી.)

લેખક તથા પ્રકાશક,
**પ્રેમચંદ કુરમચંદ શાહ,**
માજી ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર, ગોંડળ સ્ટેટ.
મુ. કપડવંજ (જિલ્લે ખેડા).

આવૃત્તિ ૧૧ મી—પ્રત ૬૦૦૦. (કુલ પ્રત ૪૪,૦૦૦.)



સંવત્ ૧૯૭૭. સને ૧૯૨૧.

શ્રી "સૂર્યપ્રકાશ" પ્રિન્ટિંગ પ્રેસમાં મૂળચંદ ત્રીકમલાલે છાપ્યું.
કાળુપુર ટંકશાળ—અમદાવાદ.

કિમ્મત ત્રણ આના.

# અનુક્રમણિકા

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

અત્યાર સુધી લેખાં દેશીહિસાબમાંથી મોંએ કરાવેલી કુંચીઓ વડે શિખવાતાં, તેથી વિદ્યાર્થીઓ કુંચીઓવડે થતાં અઘરાં લેખાં ઝટ કરી શકતા, અને તેથી સહેલાં પણ કુંચીઓમાં ન આવતાં ગણવાને અશક્તિ બતાવતા; એ કેટલું શોચનીય! રૂ. ૧૭ાાએ મણ ઘી તો રાા મણ ૪ શેરનું શું તે ગણી શકે, ને રૂ. ૧૦) એ મણ તેલ તો રૂ. ૧) નું કેટલું આવે તેમાં છોકરાં ભૂલ કરે.

સમજ્યા વગર ગોખાવવું એ તો બિલકુલ નકામું છે. એવા પોપટિયા જ્ઞાનથી સ્મરણશક્તિ મંદ પડી જાય છે. સમજણ સાથે સ્મરણ શક્તિ કેળવવી એજ લાભકારક છે. આ હેતુથી નવાં સુધારેલાં ધોરણમાં લેખાં, ગુણોત્તરવડે શિખવવાનાં રાખેલ જણાય છે.

આ પુસ્તકમાં ગુણોત્તરવડે કુંચીઓ ઉત્પન્ન કરાવી તેથી થતા વ્યવહારોપયોગી દાખલાનાં મનોયત્નો આપેલાં છે. ધોરણોમાં શિખવ-વાનાં ગુણોત્તરો અને તેના મનોયત્નના દાખલા ક્રમસર ગોઠવેલ છે. પ્રથમ સહેલાં, પછી સહેજ અઘરાં, ને છેવટે વધારે અઘરાં.

કુંચીઓ છોકરાના મનમાં બરાબર ઠસે તેટલા સારૂ કુંચીઓના દાખલા સાથે; કુંચીમાં ન આવતા પણ જેમાં ત્રિરાશિનું તત્ત્વ રહેલું હોય એવા સાધારણ વ્યવહારના દાખલા પણ મનોયત્નમાં આપેલા છે.

ઘણી કુંચીઓ આપવી તે છોકરાંના મગજ પર બોજારૂપ છે. દાખલા ગુણોત્તરવડે ગણવાથી બુદ્ધિ વિશેષ કેળવાય છે. સબબ આ પુસ્તકમાં લેખાંના મુખ્ય નિયમોનીજ કુંચીઓ આપેલી છે, ને રચના એવી કરવામાં આવી છે કે આગળ વધતાં વિદ્યાર્થીઓ દાખલા લખા-વવાની સાથેજ તેને બંધ બેસતી કુંચીઓ તાત્કાલિક ઉત્પન્ન કરી શકે તેવી પદ્ધતિ બતાવવામાં આવી છે.

શિક્ષકોને સૂચના:—૧. એક જાતના દાખલા પાકા બધાં છોકરાંને આવડયા વગર બીજી જાતના દાખલા શિખવવા નહિ, ૨. આરંભમાં દાખલા વસ્તુ સાથે અને પછી વસ્તુ વિનાના લેવા, ૩. એકની એક બાબત જુદે જુદે સ્વરૂપે પૂછવાથી તે બરાબર મનપર ઠસે છે. એથીજ આ પુસ્તકમાં મનોયત્નની અંદર દાખલા સુલટ-ઉલટ લીધેલા છે. ૧૮ રૂ. એ મણ ઘી તો ૨॥ શેરનું શું? બીજે સ્વરૂપે ૧૮ રૂ. નું મણ ઘી તો ૧૮ આનાનું કેટલું આવે? ૪. લેખામાં છોકરાં મોએ યાદ રાખી શકે તેટલાંજ પગથીઆંના દાખલા આપવા, વળી જે ભાગમાં જે તોલમાપ ચાલતાં હોય તેનીજ કુંચીઓ આપેલી કુંચીઓમાંથી યાદ રખાવવી. આ પુસ્તકમાં આપ્યા સિવાય બીજાં તોલમાપ જે સ્થળે ચાલતાં હોય, ત્યાંના મહેતાજીઓએ તેને લગતી કુંચીઓ બનાવી લેવી, ૫. જેમજેમ વિદ્યાર્થીઓ આગળ શીખતા જાય તેમતેમ તેમને પાછલી રીતોનો ઉપયોગ કરવો પડે તેવા દાખલા પણ આપવા, ૬. એકજ દાખલો ઘણી રીતે થતો હોય, ત્યાં સર્વથી સહેલી રીત કઈ તે શિક્ષક વિદ્યાર્થીઓને બતાવવી, ૭. આંબાકાંથી કામ કરાવવું. "પહેલો ગણી લાવે તે પહેલો એ જૂની રીતનો અનાદર કરવાનું કારણ નથી." શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્ત્વ પૃષ્ઠ ૧૭૫.

## છઠ્ઠી આવૃત્તિની પ્રસ્તાવના.

બીજી આવૃત્તિમાં બાળવર્ગથી ત્રીજા ધોરણ સુધીમાં મુખગણિત કેમ શિખવવું, તેની સૂચનાનાં ૬ પૃષ્ઠ વધાર્યાં હતાં. ઘણા શિક્ષકો તરફથી એ ભાગ મનોયત્ન સહ માગવામાં આવ્યો, આ સૂચના સ્વીકારી આ આવૃત્તિમાં એ ભાગ નવેસરથી ફરી લખવામાં આવ્યો છે. એમાં બતાવેલી રીતે કામ થશે તો બાળકોની વિચારશક્તિ સારી ખીલશે.

તથાસ્તુ.

નવું

# સરલ મુખગણિત.

## ખંડ ૧ લો. શિક્ષકો માટે.

### બાળવર્ગ.

આ ધોરણમાં " પદાર્થો વડે સો સુધીની સંખ્યાનું શિક્ષણ; ૧૦×૧૦ સુધીના આંક. પદાર્થો વડે ૧૦ સુધીની સંખ્યાઓના સરવાળા તથા બાદબાકી. લખોટાયંત્રનો ઉપયોગ કરવો. આંક બોલાવવા." શિખવવાનું છે, તેને માટે નીચેને ક્રમે કામ કરવું ઉચિત છે.

સૂચના:—(૧). સંખ્યાની બરાબર સમજણ પડવા સારૂ આરંભમાં જુદી જુદી વસ્તુઓ ( લખોટા, કોડી, કાંકરા, મણકા, સળીઓ, વગેરે ) સાથે સંબંધ જોડી તે શિખવવી.

(૨). પ્રથમ ગણતાં પછી લખતાં શિખવવું.

(૩). આંકની મોંપાટ સુલટી ને ઉલટી લેવરાવવી. આથી સરવાળા બાદબાકી સહેલથી કરી શકશે. સુલટી મોંપાટ સરવાળામાં ને ઉલટી મોંપાટ બાદબાકીમાં કામ લાગશે.

(૪). પદાર્થોવડે ૧૦૦ સુધીની સંખ્યામાં પ્રથમ ૧, પછી ૨, પછી ૩, એમ ક્રમે ક્રમે ૧૦ સુધી ઉમેરતાં ને બાદ કરતાં શિખવવું.

(૫). પદાર્થો વડે બાદબાકી શીખવવો, તેની સાથે સરવાળો પણ પૂછો. જેમ, ૧૧ કેરીમાંથી ૧ કેરી કાઢી લઇએ તો ૧૦ કેરી રહે, ને ૧૦ કેરીમાં ૧ કેરી નાંખીએ તો ૧૧ કેરી થાય; ૧૨ કેરીમાંથી ૧ કેરી કાઢી લઇએ તો ૧૧ કેરી રહે, ને ૧૧ કેરીમાં ૧ કેરી નાંખીએ તો ૧૨ કેરી થાય; ઇત્યાદિ.

## દશ સુધી ગણતાં શિખવવા વિષે.

દરેક બાળકને દશ સળીઓ* આપવી, પછી તેમાંથી એક સળી સ્લેટ પર ઉભી રખાવી પૂછવું કે આ કેટલી સળી છે? એક. પછી જેનો જવાબ છોકરાંના મોંમાંથી એક નીકળે, એવા સવાલ શિક્ષકે પુછવા. જેમકે, તમારે મોં કેટલાં છે? નાક કેટલાં છે? માથાં કેટલાં છે? જીભ કેટલી છે? પેટ કેટલાં છે? એક આંગળી ઊંચી કરો. આવા સવાલ પૂછીને એકનો વિચાર તેના મનમાં સારી પેઠે ઠસાવવો.

એક સળીમાં એક સળી ઉમેરીએ તો બે સળી થાય, એમ શિખવવું. બેનો વિચાર પાકો ઠસાવવા સારૂ કેટલાક સવાલ ઉપર મુજબ પૂછવા. જેમકે, તમારે આંખો કેટલી છે? કાન કેટલા છે? હાથ કેટલા છે? પગ કેટલા છે? બે પેન આપો. બે આંગળીઓ ઊંચી કરો.

બે સળીમાં એક સળી ઉમેરીએ તો ત્રણ સળી થાય, એમ શિખવવું. પછી ઉપર મુજબ સવાલો પૂછવા. ત્રણ છોકરા ઉભા થાઓ, ત્રણ આંગળી ઊંચી કરો, ત્રણ લખોટા ગણો, મને ત્રણ કલમ આપો, વગેરે. આવી રીતે દશ સુધી ગણતાં શીખવો. પછી ક્રમવગર ૧૦ સુધીની હરકોઈ સંખ્યામાં ૧ ઉમેરતાં શીખવો.

---

* દીવાસળીની સળીઓ આ પાઠમાં સારી કામ લાગશે, પણ તે પર ચોપડેલ પદાર્થ કાઢી નાંખવો.

હવે આ દશ સળીમાંથી એક સળી ઉપાડી લઇએ તો કેટલી રહે? નવ સળી રહે. નવ સળીમાંથી એક સળી લઉં તો શું બાકી રહે? આઠ સળી. એમ એક સળીમાંથી એક સળી લઇ લઉં તો બાકી કાંઈ ન રહે ત્યાં સુધી શીખવો.

## દશ સુધી લખતાં શિખવવા વિષે.

પાટિયાપર એક ઉભો કાપો કાઢી પૂછીએ, આ કેટલા કાપા છે? એક. બે કાપા કાઢી પૂછીએ, હવે? બે. એમ દશ સુધી જુદા જુદા કાપા પાડી પૂછવું, પછી તેમને કહેવું કે આમ કાપા કાઢવાને ઘણી જગ્યા જોઇએ છે, તેમ લખતાં પણ વધારે વાર લાગે છે. માટે, ૧, ૨, ૩, ઇત્યાદિ લખવાને જુદા જુદા આંકડા છે તે હું તમને બતાવું છું એમ કહીને—

| I | II | III | IIII | IIIII | IIIIII | IIIIIII | IIIIIIII | IIIIIIIII | IIIIIIIIII |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |

એ પ્રમાણે કાપા નીચે આંકડા લખીને એકડો, બગડો, તગડો, એમ દશ સુધી નામ શિખવવાં.

અંક લખતાં શિખવવાને મૂળાક્ષરોનાં ચિહ્નોજ કામ લાગશે. બાળપોથીમાં બતાવ્યા પ્રમાણે અંકોના ભાગ પ્રથમ બાળકોને બતાવવા, ને તેવા ચિહ્નો લઇ છોકરાંને અંક ગોઠવી બતાવવા, અને બાળકોને તેવાં ચિહ્નો આપી તેમની પાસે ગોઠવાવવા, ચિહ્નોથી અંક ગોઠવતાં આવડયા પછી સ્લેટપર પેનથી અંકો લખાવવા. આંકડા ઘુંટાવવાનો રિવાજ ઉપયોગી છે, માટે તે ચાલુ રાખવો.

## ૧૧ થી ૨૦ સુધી ગણતાં લખતાં શિખવવા વિષે.

દરેક બાળકને વીશ સળીઓ આપો, અને તેમાં દશ સળીની એક જુડી બંધાવો, પછી દશ સળીની એક જુડીમાં પેશી છૂટી સળીઓ

એકેક ઉમેરાવીને કહેવું કે ૧૦ ને ૧=૧૧, ૧૦ ને ૨=૧૨, ૧૦ ને ૩=૧૩ એ પ્રમાણે ૨૦ સુધી ગણુતાં શીખવો. પછી ૨૦–૧=૧૯, ૧૯–૧=૧૮, ૧૮–૧=૧૭, એમ ૧૧–૧=૧૦, એમ એકેક બાદ કરતાં શીખવો પછી ૧૧ થી ૨૦ સુધી લખતાં શીખવો.

૧૧ માં એક દશ સળીની જુડી છે માટે તેનો ૧ લખી તે ઉપર એક છુટી સળીનો એકડો લખાય છે, એટલે એ એકડે ૧૧ લખાય છે. ૧૨ માં એક દશ સળીની જુડી છે માટે તેનો ૧ લખી તે ઉપર બે છુટી સળીનો બગડો લખાય છે, એટલે એકડે બગડે ૧૨ લખાય છે. એમ ૨૦ સુધી લખતાં શીખવો. વીશમાં દશ દશ સળીની બે જુડી બંધાય છે, માટે તેનો બગડો લખી તે ઉપર છુટી સળી રહેતી નથી, માટે તેનું ૦ લખાય છે, એટલે બગડે મીંડે ૨૦ લખાય છે.

**ટીપઃ**—આ પ્રમાણે સો સુધી ગણુતાં ને લખતાં શીખવો, શરૂઆતમાં દશકના અંક એકમના અંકથી મોટે આંકડે લખાવવા, જેથી અંકની કિંમત બાળકના મન પર ઠસશે. આંકની પાટ સુલટ તથા ઉલટ લેવરાવવી.

## સળીઓથી પાડા શિખવવા વિષે.

પાડા શિખવતાં પહેલાં તે પાડાના સરવાળા, બાદબાકી સળીઓ વડે શીખવો. જેમકે—

| | |
|---|---|
| ૨+૨= ૪. | ૨૦–૨=૧૮. |
| ૪+૨= ૬. | ૧૮–૨=૧૬. |
| ૬+૨= ૮. | ૧૬–૨=૧૪. |
| ૮+૨=૧૦. | ૧૪–૨=૧૨. |
| ૧૦+૨=૧૨. | ૧૨–૨=૧૦. |
| ૧૨+૨=૧૪. | ૧૦–૨= ૮. |

| | |
|---|---|
| ૧૪+૨=૧૬. | ૮−૨=૬. |
| ૧૬+૨=૧૮. | ૬−૨=૪. |
| ૧૮+૨=૨૦. | ૪−૨=૨. |
| | ૨−૨=૦. |

પાડા લખતાં શિખવવા માટે નીચે મુજબ જમીન પર પાડા તૈયાર કરો ને લખતાં શીખવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ॥ | | | ૧ | ૨ | ૨ |
| ॥ | ॥ | | ૨ | ૨ | ૪ |
| ॥ | ॥ | ॥ | ૩ | ૨ | ૬ |

બેના જથ્થાને દુ કહે છે. એકવાર દુ લઇએ તો બે થાય, માટે એક દુ દુ; બે વાર દુ લઇએ તો ચાર થાય, માટે બે દુ ચાર; ત્રણ વાર દુ લઇએ તો ૭ થાય, માટે ત્રણુ દુ ૭; વગેરે. આની રીતે પાડા ગુણાકારના કોઠા છે તે સમજાવો.

---

**પદાર્થો વડે ૧૦ સુધીની સંખ્યાઓના સરવાળા બાદબાકી.**

(૧). પદાર્થોવડે ૧૦૦ સુધીની સંખ્યામાં ૧૦ સુધીની સંખ્યા ઉમેરતાં ને બાદ કરતાં બરાબર આવડે તેને માટે આંકનો મુખપાઠ લખોટાયંત્રના ઉપયોગવડે નીચે મુજબ લેવરાવવો.

૧ ને ૧ બેય, ૨ ને ૧ ત્રણ, ૩ ને ૧ ચાર, ઇત્યાદિ. આમ બરાબર આવડયા પછી ઝડપથી ૧,૨,૩,૪, એમ ૧૦૦ સુધી ગણતાં શિખવવું.

૧૦ માંથી ૧ જાય વાસે વધે ૯; ૯ માંથી ૧ જાય વાસે વધે ૮; ૮ માંથી ૧ જાય વાસે વધે ૭; આમ ૧ માંથી ૧ જાય વાસે

વધે ૦. આમ બરાબર આવડયા પછી એકની બાદબાકી ઝડપથી ૯, ૮,૭,૬,૫,૪,૩,૨,૧ બોલતાં શીખવો.

આવી રીતે ૧૧,૨૧,૩૧,૪૧,૫૧,૬૧,૭૧,૮૧,૯૧ એકડાના પાડાની બાદબાકી લખોટાયંત્ર વડે શીખવો.

(૨). ૧૫ થી ૪૭, ૪૫ થી ૫૬, ૬૩ થી ૭૮; ૪૪ થી ૩૫, ૬૮ થી ૫૫, ૯૩ થી ૭૮ સુધી બોલી જાઓ. આવા પ્રશ્નો પૂછવાથી બાળકોના મનમાં સંખ્યાનો સુલટો ને ઉલટો ક્રમ બરાબર ઠસશે. એટલે ૧૦ સુધી, ગમે તે સંખ્યામાં ઉમેરી ને બાદ કરી શકશે. શરૂઆતમાં બાળકો આંગળાના વેઢાનો ઉપયોગ કરશે તે કરવા દેવો, એમ કરતાં અટકાવવાની જરૂર નથી. ધીમે ધીમે એ ટેવ છોડાવવી.

(૩). દશ સુધીના સરવાળા:—૧+૧=૨; ૧+૨=૩; ૧+૩ =૪, ૨+૨=૪; ૧+૪=૫, ૨+૩=૫; ૧+૫=૬, ૨+૪=૬, ૩+૩=૬; ૧+૬=૭, ૨+૫=૭, ૩+૪=૭; ૧+૭=૮, ૨+૬=૮, ૩+૫=૮, ૪+૪ =૮; ૧+૮=૯, ૨+૭=૯, ૩+૬=૯, ૪+૫=૯; ૧+૯=૧૦, ૨+૮= ૧૦, ૩+૭=૧૦, ૪+૬=૧૦, ૫+૫=૧૦; આમ ૨,૩,૪,૫,૬,૭.૮,૯ ને ૧૦ ના સરવાળા કેટલી રીતે થાય તે પદાર્થોવડે બતાવી પાકા કરાવો.

બે રકમના સરવાળા કરવામાં મોટી સંખ્યામાં નાની સંખ્યા ઉમેરવાથી જે જવાબ આવે છે, તેજ જવાબ નાની સંખ્યામાં મોટી સંખ્યા ઉમેરવાથી આવે છે. જેમ ૪+૨=૬ અને ૨+૪=૬. બાળકોને મોટી સંખ્યામાં નાની સંખ્યા ઉમેરવી સહેલી પડે છે, માટે નાની સંખ્યામાં મોટી સંખ્યા ઉમેરવી હોય ત્યારે મોટી સંખ્યામાં નાની સંખ્યા ઉમેરાવવી.

(૪). દશ સુધીની બાદબાકી:—૧−૧=૦; ૨−૧=૧; ૩−૧ =૨, ૩−૨=૧; ૪−૧=૩, ૪−૩=૧, ૪−૨=૨; ૫−૧=૪, ૫−૪=૧,

૫-૨=૩, ૫-૩=૨; ૬-૧=૫, ૬-૫=૧, ૬-૨=૪, ૬-૪=૨, ૬-૩=૩; ૭-૧=૬, ૭-૬=૧, ૭-૨=૫, ૭-૫=૨, ૭-૩=૪, ૭-૪=૩; ૮-૧=૭, ૮-૭=૧, ૮-૨=૬, ૮-૬=૨, ૮-૩=૫, ૮-૫=૩, ૮-૪=૪; ૯-૧=૮, ૯-૮=૧, ૯-૨=૭, ૯-૭=૨, ૯-૬=૩, ૯-૩=૬, ૯-૪=૫, ૯-૫=૪; ૧૦-૧=૯, ૧૦-૯=૧, ૧૦-૨=૮, ૧૦-૮=૨, ૧૦-૩=૭, ૧૦-૭=૩, ૧૦-૪=૬, ૧૦-૬=૪, ૧૦-૫=૫.

ઉપર મુજબ ૧ થી ૧૦ સુધીની સંખ્યામાંથી ૧ થી ૧૦ સુધીની સંખ્યામાંના જેટલા અંકો બાદ થઇ શકે તે પદાર્થો વડે ક્રમે બાદ કરાવો, પણ મોટી રકમમાંથી નાની રકમ બાદ કરાવ્યા પછી આવેલ બાદબાકી મોટી રકમમાંથી તરત બાદ કરાવો. જેમ ૪-૧=૩, પછી ૪-૩=૧; ૫-૧=૪, ૫-૪=૧.

## પલાખાંના નમૂના.

(૧). તગડે પાંચડે? છગડે નવડે? સાતડે છગડે? નવડે સાતડે?

(૨). પાટિયા પર ૨૯, ૫૭, ૬૯, ૮૬ વગેરે લખી વંચાવો.

(૩). પાટિયા પર ૨૭, ૩૯, ૪૬, ૬૭, ૮૫, ૯૩ વગેરે લખાવો.

(૪). ૧૯, ૩૭, ૪૩, ૫૯, ૬૯, ૭૯, ૮૦, ૯૮ કેમ થાય?

(૫). ૧૫ થી ૨૧, ૨૭થી ૩૪, ૬૩ થી ૭૨, ૮૫ થી ૯૬ સુધી સવળી પાટ બોલો.

(૬). ૧૫ થી ૯, ૨૮ થી ૧૯, ૪૪ થી ૩૫, ૯૨ થી ૮૬ સુધી ઉંધી પાટ બોલો.

(૭). ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ દશકે કેટલા થાય?

(૮). ૩ દશક ને ૨, ૭ દશક ને ૬ મળી કેટલા થાય?

(૯). ૫૬, ૬૨, ૭૪, ૯૫ માં દશક ને એકમ કેટલા?

(૧૦). ૫ માં ૨, ૯ માં ૩, ૧૫ માં ૪, ૨૨ માં ૫; ૬ માં ૩૬, ૭ માં ૪૮, ૮ માં ૭૪, ને ૯ માં ૮૫ ઉમેરો.

(૧૧). આપણી નિશાળમાં ૭૩ છોકરા છે, હવે ૫ છોકરા નવા આવે તો કેટલા થાય ?

(૧૨). ૭ માંથી ૩, ૨૫ માંથી ૪, ૩૭ માંથી ૫, ૪૩ માંથી ૬, ૫૪ માંથી ૭, ૬૩ માંથી ૮, અને ૯૩ માંથી ૯ બાદ કરો.

(૧૩). મારી પાસે ૩૫ દાડમ છે, તેમાંથી ૭ દાડમ એક છોકરાને આપ્યાં તો મારી પાસે કેટલાં બાકી રહ્યાં ?

(૧૪). નવ ચોક ? સાત છક ? આઠ નવાં ? પાંચ દાન ?

## પહેલું ધોરણ.

આ ધોરણમાં "આંક ૧૦×૧૦ સુધી. પાયાં, અરધાં, દોઢાં, અઢીઆં. ચલણી નાણાની માહિતી તથા નાણાંની ધાત. નિયમો અને કોષ્ટકો પદાર્થો વડે સમજાવવાં. આંક બોલાવવા. પહેલા વર્ષ માટે મુકરર કરેલા આંક સંબંધી પ્રશ્નો આવે એવું સાદું મુખગણિત." શિખવવાનું છે.

### સળીઓ વડે પાડા શિખવવા વિષે

૧. પાડા શિખવવા શરૂ કરતાં પહેલાં સળીઓ વડે ૨૦૦ સુધી ગણતાં ને લખતાં શીખવો. જેમ, ૧૦૦ સળી + ૧ સળી=૧૦૧ સળી, ૧૦૦ સળી + ૨ સળી = ૧૦૨ સળી, વગેરે. ૧૦૧ લખવામાં ૧૦૦ સળીની ( ૧૦ દશકની ) એક જુડી છે માટે તેનો ૧, દશકની જુડી નથી માટે તેનું ૦, ને છુટી સળી એક છે માટે તેનો ૧ એટલે ૧૦૧

આમ લખાય. ૨૦૦ લખવામાં સોની બે જુડીઓ થાય માટે તેનો ૨, ને દશકની જુડી ન રહે તેમ છૂટી સળી ન રહે, માટે તેનાં મીંડાં લખાય; માટે ૨૦૦ આમ લખાય.

૨. પાડા શિખવતાં પહેલાં તે પાડાના સરવાળા બાદબાકી સળીઓ વડે શીખવો. જેમ—

૧૧+૧૧=(૧ દશક+૧) + (૧ દશક+૧) = (૨ દશક+૨) = ૨૨.

૧૧+૧૧+૧૧=૨૨+૧૧ =(૨ દશક+૨) + (૧ દશક + ૧) = (૩ દશક + ૩) = ૩૩.

૧૧+૧૧+૧૧+૧૧=૩૩+૧૧= (૩ દશક + ૩)+(૧ દશક + ૧) = (૪ દશક + ૪) = ૪૪.

ઉ૦ ઉ૦ ઉ૦.

૨૨−૧૧=(૨ દશક + ૨)−(૧ દશક + ૧)=(૧ દશક+૧)=૧૧.
૩૩−૧૧=(૩ દશક + ૩)−(૧ દશક + ૧)=(૨ દશક+૨)=૨૨.
૪૪−૧૧=(૪ દશક + ૪)−(૧ દશક + ૧)=(૩ દશક+૩)=૩૩.

ઉ૦ ઉ૦ ઉ૦

૩. પાડા શિખવવા માટે નીચે મુજબ પાડા જમીન પર તૈયાર કરો ને લખતાં શીખવો.

|||||||||| | ૧૧ ૧ ૧૧.

|||||||||| |<br>|||||||||| | } ૧૧ ૨ ૨૨.

|||||||||| |<br>|||||||||| |<br>|||||||||| | } ૧૧ ૩ ૩૩.

ઉ૦ ઉ૦ ઉ૦.

૧૧ એક વાર લઇએ ૧૧ થાય. એકને પાડામાં એકું કહે છે, માટે અગીઆર એકું અગીઆર. ૧૧ બે વાર લઇએ તો ૨૨ થાય. બેના જસ્થાને પાડામાં દુ કહે છે, માટે અગીઆર દુ બાવીશ, વગેરે. આવી રીતે પાડા ગુણાકારના કોઠા છે તે સમજાવો.

૪. આંકનાં પલાખાં સપાટાબંધ પૂછી જવાબ લેવા. જેમ, ૧૨ ×૭= ? ૨૫×૫= ? કેટલાં છઃ=૫૪ ? કેટલાં અઠ્ઠાં=૧૦૪ ? ૧૨ ૪ ૪૮ એમાં ૧૨, ૪, ૪૮ શાને માટે છે ?

૫. સરખા કદનાં બટાટાં, લીંબુ, કે કાગળ લઈ તેના ચાર સરખા ભાગ કરવા. દરેક કકડો પા બટાટું, લીંબુ કે કાગળ કહેવાય. પા લખવા માટે ૦ ને । એક પાણ (૦।) લખાય છે. બે પા સાથે લઇએ તો અરધો થાય. અરધો લખવા માટે ૦ ને ॥ બે પાણ (૦॥) લખાય છે. ત્રણ પા સાથે લઇએ તો પોણો (એકમાં પા ઉણો) થાય. પોણો લખવામાં ૦ ને ।।। ત્રણ પાણ (૦।।।) લખાય છે. ચાર પા સાથે લઇએ તો ૧ આખો થાય. પાંચ પા સાથે લઇએ તો ચાર પાનો એક આખો, ને ઉપર ૧ પા થાય, માટે સવા (પા સાથે એક) થાય. સવા લખવામાં ૧ ને । એક પાણ (૧।) લખાય છે. આ પ્રમાણે ૧॥, ૧।।।, ૨, ૨।, ૨॥ ઇત્યાદિ સમજાવવા. પછી પાયાનો પાડો લખતાં શીખવો. એમ ૧૦૦×૦।=૨૫ સુધી બરાબર સમજાવી લખતાં શીખવો.

પાયાની માફક અરધાં, દોઢાં ને અઢીઆના પાડા વસ્તુ સાથે બરાબર સમજાવી લખતાં શિખવવા, સઘળા પાડાની પાટ સુલટી તથા ઉલટી લેવરાવવી.

## ચલણી નાણાંની માહિતી.

**તાંબા નાણું:**—શિક્ષક પ્રથમ છોકરાને પાઈ, અરધો પૈસો,

પૈસા, ને ઢબુ બરાબર ઓળખતાં શિખવવાં. પછી કિંમતમાં પરસ્પર સંબંધ શિખવવો. ૩ પાઇ=પૈસો, બે અરધા પૈસા=પૈસો, ૨ પૈસા=ઢબુ.

**નિકલનાણું:**—શિક્ષકે છોકરાને **આની** બતાવી તે ઓળખતાં શિખવવી. તેની કિંમત ૪ પૈસા છે. તે નિકલ ધાતુની બનાવે છે.

**રૂપાનાણું:**—શિક્ષકે પ્રથમ છોકરાંને બેઆની, પાવલી, અરધો, અને રૂપિયો ઓળખતાં શિખવવાં. પછી કિંમતમાં પરસ્પર સંબંધ શિખવવો. ૨ આની=૧ બેઆની, ૨ બેઆની=૧ પાવલી, ૨ પાવલી =૧ અરધો, ૨ અરધા=૧ રૂપિયો, ત્યારપછી રૂપાનાણાનો તાંબાનાણા સાથે સંબંધ જોડવો. ૮ પૈસા=૧ બેઆની, ૬૪ પૈસા=૧ રૂપિયો, વગેરે સંબંધ શિખવવો.

**સોનાનાણું:**—છોકરાને પૌંડ (ગીની) બતાવી કહેવું કે આનું નામ પૌંડ છે. તેની કિંમત ૧૫ રૂપિયા છે. પંદર રૂપિયાની ૧ મોહોર અગાઉ ચાલતી.

નાણાંના ઢગલામાંથી જુદાં જુદાં નાણાં બાળકો પાસે શોધાવીને નાણાંની માહિતી પાકી કરાવવી.

## ચલણી નાણાંની ધાત.

૧ાા પાઇ=૧ અધેલો.
૩ પાઇ=૧ પૈસો (૦ા આનો).
૬ પાઇ=૨ પૈસા (ઢબુ, ૦ાા આનો).
૯ પાઇ=૩ પૈસા (૦ાાા આનો).
૧૨ પાઇ=૪ પૈસા (૧ આની).
૪ પૈસા=૧ (૧ આની).
૮ પૈસા=૨ આના (૧ બેઆની).

૧૬ પૈસા=૪ આના (૧ પાવલી).
૩૨ પૈસા=૮ આના (૦ાા રૂપિયો).
૬૪ પૈસા=૧૬ આના (૧ રૂપિયો).
રૂપિયા એકના અડધા ૨.
રૂપિયા એકની પાવલી ૪.
રૂપિયા એકની બેઆની ૮.
રૂપિયા એકની આની ૧૬.
રૂપિયા એકના ઢબુ ૩૨.

રૂપિયા એકના પૈસા ૬૪.
રૂપિયા એકની પાઇ ૧૯૨.
અરધા એકની પાવલી ૨.
અરધા એકની બેઆની ૪.
અરધા એકની આની ૮.
અરધા એકના ઢબુ ૧૬.
અરધા એકના પૈસા ૩૨.
અરધા એકની પાઈ ૯૬.
પાવલી એકની બેઆની ૨.
પાવલી એકની આની ૪.

પાવલી એકના ઢબુ ૮.
પાવલી એકના પૈસા ૧૬.
પાવલી એકની પાઈ ૪૮.
બેઆની એકની આની ૨.
બેઆની એકના ઢબુ ૪.
બેઆની એકના પૈસા ૮.
બેઆની એકની પાઇ ૨૪.
આની એકના ઢબુ ૨.
આની એકના પૈસા ૪.
આની એકની પાઇ ૧૨.

સૂચના:—(૧). ઢબુના પૈસા, પૈસાના અધેલા, આનીના ઢબુ, બેઆનીની આની, પાવલીની બેઆની, અરધાની પાવલી, રૂપિયાના અરધા; કે પૈસાના ઢબુ, અધેલાના પૈસા, ઢબુની આની, આનીની બેઆની, બેઆનીની પાવલી, પાવલીના અરધા, અને અરધાના રૂપિયા કરવામાં દુના પાડાનો ઉપયોગ કરાવવો.

(૨). પૈસાની પાઈ કે પાઇના પૈસા કરાવવામાં તરીના પાડાનો ઉપયોગ કરાવવો.

(૩). આનીના પૈસા, બેઆનીનાં ઢબુ, પાવલીની આની, અરધાની બેઆની, અને રૂપિયાની પાવલી કરાવવામાં ચોકના પાડાનો ઉપયોગ કરાવવો.

(૪) ઢબુની પાઈ કે પાઇના ઢબુ કરાવવામાં છકના પાડાનો ઉપયોગ કરાવવો.

(૫) બેઆનીના પૈસા, પાવલીના ઢબુ, અરધાની આની, અને રૂપિયાની બેઆની કે તેથી ઉલટાં રૂપ કરાવવામાં અઠ્ઠાના પાડાનો ઉપયોગ કરાવવો.

(૬). આનાની પાઇ, કે પાઇના આના કરાવવામાં ૧૨ ના પાડાનો ઉપયોગ કરાવવો.

(૭). પાંડ (ગીની) ના રૂપિયા કે રૂપિયાની ગીની કરાવવામાં ૧૫ ના પાડાનો ઉપયોગ કરાવવો.

(૮). પાવલીના પૈસા, અરધાના ઢબુ, અને રૂપિયાના આના કરવામાં કે તેથી ઉલટાં રૂપ કરાવવામાં ૧૬ ના પાડાનો ઉપયોગ કરાવવો.

(૯). બેઆનીની પાઇ કે પાઇની બેઆની કરાવવામાં ૨૪ ના પાડાનો ઉપયોગ કરાવવો.

---

## સરવાળા.

(૧). ૧, ૧૧, ૨૧, ૩૧, એમ દશ દશ ઉમેરી ૯૧ સુધી બોલો.
(૨). ૨, ૧૨, ૨૨, ૩૨, „ „ ૯૨ સુધી બોલો.
(૩). ૩, ૧૩, ૨૩, ૩૩, „ „ ૯૩ સુધી બોલો.
(૪). ૪, ૧૪, ૨૪, ૩૪, „ „ ૯૪ સુધી બોલો.
(૫). ૫, ૧૫, ૨૫, ૩૫, „ „ ૯૫ સુધી બોલો.
(૬). ૬, ૧૬, ૨૬, ૩૬, „ „ ૯૬ સુધી બોલો.
(૭). ૭, ૧૭, ૨૭, ૩૭, „ „ ૯૭ સુધી બોલો.
(૮). ૮, ૧૮, ૨૮, ૩૮, „ „ ૯૮ સુધી બોલો.
(૯). ૯, ૧૯, ૨૯, ૩૯, „ „ ૯૯ સુધી બોલો.
(૧૦). ૧૦, ૨૦, ૩૦, ૪૦, „ „ ૧૦૦ સુધી બોલો.
(૧૧). ૨,૪,૬,૮, એમ બબ્બે ઉમેરતાં જઇ ૧૦૦ સુધી બોલો.
(૧૨). ૩,૬,૯,૧૨, એમ ત્રણ ત્રણ ઉમેરતાં જઇ ૯૯ સુધી બોલો.
(૧૩). ૪,૮,૧૨,૧૬, એમ ચચ્ચાર ઉમેરતાં જઇ ૧૦૦ સુધી બોલો.

(૧૪). ૫,૧૦,૧૫,૨૦ એમ પાંચ પાંચ ઉમેરતાં જઇ ૧૦૦ સુધી બોલો.
(૧૫). ૬,૧૨,૧૮,૨૪ એમ છ છ ઉમેરતાં જઈ ૯૬ સુધી બોલો.
(૧૬). ૭,૧૪,૨૧,૨૮ એમ સાત સાત ઉમેરતાં જઇ ૯૮ બોલો.
(૧૭). ૮,૧૬,૨૪,૩૨ એમ આઠ આઠ ઉમેરતાં જઈ ૯૬ સુધી બોલો.
(૧૮). ૯,૧૮,૨૭,૩૬ એમ નવ નવ ઉમેરતાં જઇ ૯૯ સુધી બોલો.
(૧૯). ૧,૩,૫,૭,૯ એમ બબ્બે ઉમેરતાં જઇ ૯૯ સુધી બોલો.
(૨૦). ૩,૭,૧૧,૧૫ એમ ચચ્ચાર ઉમેરતાં જઇ ૯૯ સુધી બોલો.
(૨૧). ૫,૧૧,૧૭,૨૩ એમ છ છ ઉમેરતાં જઈ ૯૫ સુધી બોલો.
(૨૨). ૭,૧૫,૨૩,૩૧ એમ આઠ આઠ ઉમેરતાં જઇ ૯૫ સુધી બોલો.
(૨૩). ૫,૧૪,૨૩,૩૨ એમ નવ નવ ઉમેરતાં જઇ ૯૫ સુધી બોલો.
(૨૪). ૪૪ ને ૫, ૫૬ ને ૬, ૬૩ ને ૮, ૭૫ ને ૯ કેટલા?

## બાદબાકી.

(૧). ૯૧,૮૧,૭૧,૬૧ એમ દશ દશ બાદ કરી ૧ સુધી બોલો.
(૨). ૯૨,૮૨,૭૨,૬૨ ,, ,, ૨ સુધી બોલો.
(૩). ૯૩,૮૩,૭૩,૬૩ ,, ,, ૩ સુધી બોલો.
(૪). ૯૪,૮૪,૭૪,૬૪ ,, ,, ૪ સુધી બોલો.
(૫). ૯૫,૮૫,૭૫,૬૫ ,, ,, ૫ સુધી બોલો.
(૬), ૯૬,૮૬,૭૬,૬૬ ,, ,, ૬ સુધી બોલો.
(૭). ૯૭,૮૭,૭૭,૬૭ ,, ,, ૭ સુધી બોલો.
(૮). ૯૮,૮૮,૭૮,૬૮ ,, ,, ૮ સુધી બોલો.
(૯). ૯૯,૮૯,૭૯,૬૯ ,, ,, ૯ સુધી બોલો.
(૧૦). ૧૦૦,૯૦,૮૦,૭૦ ,, ,, ૧૦ સુધી બોલો.
(૧૧). ૧૦૦,૯૮,૯૬,૯૪ એમ બબ્બે બાદ કરી ૨ સુધી બોલો.

(૧૨). ૯૯,૯૬,૯૩,૯૦ એમ ત્રણ ત્રણ બાદ કરી ૩ સુધી બોલો.
(૧૩). ૧૦૦,૯૬,૯૨,૮૮ એમ ચચ્ચાર બાદ કરી ૪ સુધી બોલો.
(૧૪). ૧૦૦,૯૫,૯૦,૮૫ એમ પાંચ પાંચ બાદ કરી ૫ સુધી બોલો.
(૧૫). ૯૬,૯૦,૮૪,૭૮ એમ છ છ બાદ કરી ૬ સુધી બોલો.
(૧૬). ૯૮,૯૧,૮૪,૭૭ એમ સાત સાત બાદ કરી ૭ સુધી બોલો.
(૧૭). ૯૬,૮૮,૮૦,૭૨ એમ આઠ આઠ બાદ કરી ૮ સુધી બોલો.
(૧૮). ૯૯,૯૦,૮૧,૭૨ એમ નવ નવ બાદ કરી ૯ સુધી બોલો.
(૧૯). ૭૮ માંથી આઠ આઠ ઓછા કરતાં ૬ સુધી બોલો.
(૨૦). ૪૩ માંથી ૫, ૫૩ માંથી ૬, ૬૨ માંથી ૮, ૯૩ માંથી ૯ બાદ કરો.
(૨૧). ૩૫ માં કેટલા ઉમેરીએ તો ૪૦,૪૧,૪૨,૪૩,૪૪,૪૫ થાય.
(૨૨). ૯ માં કેટલા ઉમેરીએ તો ૯૮ થાય. (૯૮−૯.)

## ગુણાકાર.

(૧). એક પૈસાની ૨ પેન તો ૬ પૈસાની કેટલી ?
(૨). ૭ માણસના હાથ કેટલા ?
(૩). ૮ ઢબુના પૈસા, ૪ રૂપિયાના અરધા, ૬ અરધાની પાવલી કેટલી ?
(૪). ૭ પૈસાની પાઈ કેટલી ?
(૫). ૬ આનીના પૈસા, ૪ રૂપિઆનાં પાવલાં,ને ૭ અડધાની બેઆની કેટલી ?
(૬). તમારા હાથપગનાં આંગળાં કેટલાં ?
(૭). એક પૈસાનાં ૬ જામફળ તો ૭ પૈસાનાં કેટલાં ?
(૮). એક પાઇનાં ૭ બોર તો ૯ પાઇનાં બોર કેટલાં ?
(૯). ૮ બેઆનીના પૈસા, ને ૯ રૂપિઆની બેઆની કેટલી ?

(૧૦). નવ નવ છોકરાની ૮ હારો છે તો બધા મળી છોકરા કેટલા ?
(૧૧). દશ દશ નવ વાર લઇએ તો કેટલા થાય ?
(૧૨). કયા કયા આંકમાં ૧૮ આવે ? ૯×૨=૧૮, ૬×૩=૧૮, ૩×૬ =૧૮, ૨×૯=૧૮.

### ભાગાકાર.

(૧). કેટલા તરી ૨૭ ? કેટલા છકે ૫૪ ? કેટલા અઠ્ઠાં ૫૬ ?
(૨). ૫૬ માં ૭ કેટલી વાર છે ? ૮૧ માં ૯ કેટલી વાર છે ?
(૩). બે છોકરાને ૧૦ કેરી આપવી હોય તો દરેકને કેટલી ? (કેટલા-દુ ૧૦ ?)
(૪). ૨૪ પાઇના પૈસા કેટલા ? (કેટલા તરી ૨૪ ?)
(૫). ૩૬ પૈસાની આની કેટલી ? (કેટલા ચોક ૩૬ ?)
(૬). પાંચ પાંચ છોકરાની હાર કરીએ તો ૩૫ છોકરાની હાર કેટલી થાય ? (કેટલા પંચાં ૩૫ ?)
(૭). ૬ પૈસાની ૪૨ કેરી તો ૧ પૈસાની કેટલી ? (કેટલા છક ૪૨ ?)
(૮). ૭ પૈસાનાં ૬૩ પાન તો પૈસાનાં કેટલાં ? (કેટલા સતાં ૬૩ ?)
(૯). ૬૪ બેઆનીના રૂપિયા કેટલા ? (કેટલા અઠ્ઠાં ૬૪ ?)
(૧૦). નવ નવ પૈસાની ઢગલી કરીએ તો ૭૨ પૈસાની કેટલી ઢગલી થાય ? (કેટલા નવાં ૭૨ ?)
(૧૧). ૭૦ સળીમાંથી દશ દશની જુડી બાંધીએ તો કેટલી થાય ? (કેટલા દાન ૭૦ ?)

---

## ધોરણ બીજું.

આ ધોરણમાં "પોણા, સવાયા, અને અધોળ, નવટાંક, શેર તથા મણ" શિખવવાનું છે.

પહેલા બે વર્ષ માટે મુકરર કરેલા આંક અને ધાતોને લગતા સવાલ આવે એવું મુખગણિત રાખેલ છે.

પોણા:—ત્રણ પા લેવાથી પોણો થાય. ૦ાા+ાા=૬ પા=૧ાા થાય, ૦ાા+૦ાા+૦ાા=૧ાા+૦ાા=૨ા થાય. શરૂઆતમાં વસ્તુ હાજર રાખી તેના ભાગ પાડી પોણાનો આંક સમજાવી લખતાં શીખવો.

સવાયાં:—૧ ને ૦ા મળી ૧ા થાય. ૧ા+૧ા=૨+૦ાા=૨ાા થાય. ૧ા+૧ા+૧ા=૩+૦ાા=૩ાા થાય. શરૂઆતમાં વસ્તુ સાથે સવાનો આંક સમજાવી લખતાં શીખવો.

## શેરની ધાત.

સાધન—ત્રાજવાં, શેર, અચ્છેર, પાશેર, નવટાંક અને અધોળનાં કાટલાં; ૪૦ રૂપિયા.

પ્રથમ છોકરાંને એક શેર રેતી (યા બીજી વસ્તુ) જોખી બતાવવી. પછી બે વાર અચ્છેરે રેતી જોખી બતાવવી. બે વાર અચ્છેર જોખેલી રેતી ભેગી કરી જોખવાથી શેર રેતીની બરાબરજ થાય છે માટે શેરના અચ્છેર બે. તેવીજ રીતે અચ્છેરના પાશેરા બે. પાશેરનાં નવટાંક બે, અને નવટાંકનાં અધોળ બે જોખીને છોકરાંની ખાત્રી કરી બતાવો.

એક છાબડામાં રૂપિયો ને બીજા છાબડામાં તેના જેટલી રેતી તોળાવો. તે રેતી એક રૂપિઆભાર અથવા એક તોલો કહેવાય. યાદ રાખજો કે રૂપિયો ને રૂપિયાભાર એક નથી. રૂપિયો એ ચલણી નાણું છે, અને રૂપિયાભાર એ વસ્તુનું વજન છે. રૂપિયાના વજન જેટલું જેનું વજન હોય તે રૂપિયાભાર કહેવાય.

તોળીને છોકરાની ખાત્રી કરો કે અધોળ=૨ાા રૂપિયાભાર, નવટાંક=૫ રૂપિયાભાર, પાશેર=૧૦ રૂપિયાભાર, અચ્છેર=૨૦ રૂપિયાભાર, ને શેર=૪૦ રૂપિયાભાર.

(૧)

શેરના અચ્છેરા બે.
શેરના પાશેરા ચાર.
શેરનાં નવટાંકાં આઠ.
શેરનાં અધોળાં સોળ.
શેરના રૂપિયાભાર ચાળીશ.

(૨)

૪૦ રૂપિયાભારે એક શેર
૧૬ અધોળે એક શેર.
૮ નવટાંકે એક શેર.
૪ પાશેરે એક શેર.
૨ અચ્છેરે એક શેર.

(૩)

શેરના રૂપિયાભાર ૪૦.
પોણા શેરના રૂપિયાભાર ૩૦.
અચ્છેરના રૂપિયાભાર ૨૦.
પાશેરના રૂપિયાભાર ૧૦.
નવટાંકના રૂપિયાભાર ૫.
અધોળના રૂપિયાભાર ૨॥.

(૪)

૨॥ રૂપિયાભાર એક અધોળ.
૫ રૂપિયાભાર એક નવટાંક.
૧૦ રૂપિયાભાર એક પાશેર.
૨૦ રૂપિયાભાર ૧ અચ્છેર.
૩૦ રૂપિયાભાર પોણોશેર.
૪૦ રૂપિયાભાર ૧ શેર.

(૫)

૧ શેરનાં અધોળ ૧૬.
૦॥। શેરનાં અધોળ ૧૨.
૦॥ શેરનાં અધોળ ૮.
૦। શેરનાં અધોળ ૪.
નવટાંકનાં અધોળ ૨.

(૬)

૨ અધોળે ૧ નવટાંક.
૪ અધોળે ૧ પાશેર.
૮ અધોળે ૧ અચ્છેર.
૧૨ અધોળે પોણોશેર.
૧૬ અધોળે એક શેર.

(૭)

૧ શેરનાં નવટાંક ૮.
૦॥। શેરનાં નવટાંક ૬.
૦॥ શેરનાં નવટાંક ૪.
૦। શેરના નવટાંક ૨.

(૮)

૨ નવટાંકે ૧ પાશેર.
૪ નવટાંકે ૧ અચ્છેર.
૬ નવટાંકે પોણોશેર.
૮ નવટાંકે એક શેર.

ટીપ:—ઉપર મુજબ શેરની ધાત ઉલટસુલટ પાકી કરાવવી. બજારમાં ચાલતા જૂના નવા પૈસા તોલમાં સરખા ન હોવાથી શેર સાથે પૈસાભારનો સંબંધ લીધો નથી. શેરના જૂના પૈસાભાર ૭૨ છે ને નવા પૈસાભાર ૯૬ છે.

## મણની ધાત.

| | |
|---|---|
| મણના અધમણીઆં ૨. | ૧૦ શેરે ૦। મણ. |
| મણના દશશેરા (તોલાં) ૪. | ૨૦ શેરે ૦॥ મણ. |
| મણની પાંચશેરી ૮. | ૩૦ શેરે ૦॥। મણ. |
| મણની અઢીશેરી ૧૬. | ૪૦ શેરે ૧ મણ. |
| મણની સવાશેરી ૩૨. | ૫૦ શેરે ૧। મણ. |
| મણના શેર ૪૦. | ૬૦ શેરે ૧॥ મણ. |
| ૦॥। મણના શેર ૩૦. | ૭૦ શેરે ૧॥। મણ. |
| ૦॥ મણના શેર ૨૦. | ૮૦ શેરે ૨ મણ. |
| ૦। મણના શેર ૧૦. | ૯૦ શેરે ૨। મણ. |
| | ૧૦૦ શેરે ૨॥ મણ. |

## સરવાળા.

(૧).૯૧,૧૦૧,૧૧૧,૧૨૧ એમ દશદશ ઉમેરી ૨૯૧ સુધી બોલો.
(૨).૯૨,૧૦૨,૧૧૨,૧૨૨ „ „ ૨૯૨ સુધી બોલો.
(૩).૯૩,૧૦૩,૧૧૩,૧૨૩ „ „ ૨૯૩ સુધી બોલો.
(૪).૯૪,૧૦૪,૧૧૪,૧ ૪ „ „ ૨૯૪ સુધી બોલો.
(૫).૯૫,૧૦૫,૧૧૫,૧૨૫ „ „ ૨૯૫ સુધી બોલો.
(૬).૯૬,૧૦૬,૧૧૬,૧૨૬ „ „ ૨૯૬ સુધી બોલો.
(૭).૯૭,૧૦૭,૧૧૭,૧૨૭ „ „ ૨૯૭ સુધી બોલો.

( ૮ ).૯૮,૧૦૮,૧૧૮,૧૨૮ એમ દશદશ ઉમેરી ૨૯૮ સુધી બોલો.
( ૯ ).૯૯,૧૦૯,૧૧૯,૧૨૯ „ „ ૨૯૯ સુધી બોલો.
(૧૦). ૧૦૦,૧૧૦,૧૨૦, ૧૩૦ „ „ ૩૦૦ સુધી બોલો.
(૧૧). ૧૨, ૨૪, ૩૬ એમ બાર બાર ઉમેરી ૧૨૦ સુધી બોલો.
(૧૨). ૧૫, ૩૦, ૪૫ એમ પંદર પંદર ઉમેરી ૧૫૦ સુધી બોલો.
(૧૩). ૧૬, ૩૨, ૪૮ એમ સોળ સોળ ઉમેરી ૧૬૦ સુધી બોલો.
(૧૪). ૨૦, ૪૦, ૬૦ એમ વીશ વીશ ઉમેરી ૨૦૦ સુધી બોલો.

૨૦+૨૦=૨ દશક+૨ દશક=૪ દશક=૪૦.

૨૨૦+૨૦=૨૨ દશક+૨ દશક=૨૪ દશક=૨૪૦.

૨૦+૩૦+૫૦+૭૦=૨+૩+૫+૭=૧૭ દશક=૧૭૦.

(૧૫). ૨૪, ૪૮, ૭૨,એમ ચોવીશ ચોવીશ ઉમેરીને ૨૬૪ સુધી બોલો.

૨૪૦+૨૪=૨૪ દશક+૨ દશક+૪=૨૬ દશક+૪=૨૬૪.

(૧૬). ૨૫, ૫૦, ૭૫ એમ પચીશ પચીશ ઉમેરીને ૨૦૦ સુધી બોલો.

૨૫=પા સો. ૨૫+૨૫=બે પા સો=અડધો સો=૫૦.

૨૫+૨૫+૨૫=ત્રણ પા સો=૦॥। સો=૭૫.

૨૫૦+૨૫=દશ પા સો+પા સો=૧૧ પા સો=૨॥। સો=૨૭૫.

૨૭૫+૨૫=૧૧ પા સો+પા સો=૧૨ પા સો=૩૦૦.

(૧૭). ૩૦, ૬૦, ૯૦ એમ ત્રીસ ત્રીસ ઉમેરીને ૩૦૦ સુધી બોલો.
(૧૮). ૦।, ૦॥, ૦॥।, એમ પા પા ઉમેરીને ૨૫ સુધી બોલો.
(૧૯). ૦॥, ૧, ૧॥ એમ અડધો અડધો ઉમેરીને ૫૦ સુધી બોલો.
(૨૦). ૧॥, ૩, ૪॥, એમ દોઢ દોઢ ઉમેરીને ૧૫૦ સુધી બોલો.
(૨૧). ૨॥, ૫, ૭॥, એમ અઢી અઢી ઉમેરીને ૨૫૦ સુધી બોલો.
(૨૨). ૧૭+૧૯=૧૭+૧૭+૨=૩૪+૨=૩૬ (૧૭ના પાડાનો ઉપયોગ).

૨૭+૨૯=૨૭+૨૭+૨=૫૪+૨=૫૬.

૨૩+૨૬=૨૩+૨૩+૩=૪૬+૩=૪૯.

(૨૩). ૩૦૦ સુધીમાં ૩૦ સુધીની સંખ્યા ઉમેરતાં શિખવવામાં પ્રથમ દશક ભેળવી પછી એકમ ભેળવવા. જેમ ૫૭ માં ૨૫ ઉમેરવા હોય તો ૫૭+૨૦=૭૭ અને ૭૭+૫=૮૨. ૧૩૮ માં ૨૭ ભેળવવા હોય તો ૧૩૮+૨૦=૧૫૮ અને ૧૫૮+૭=૧૬૫.

(૨૪). નીચેના દાખલામાંથી શિક્ષક ધીમે ધીમે એકેક સંખ્યા બોલવી, અને વિદ્યાર્થીઓએ તેનો સરવાળો મનમાં કરી છેવટે જવાબ માંડવો.

૪+૫+૩+૬+૮+૭+૯.

૧૫+૧૨+૧૦+૧૩+૮+૧૬.

## બાદબાકી.

(૧). ૨૯૧, ૨૮૧, ૨૭૧ એમ દશ દશ બાદ કરી ૯૧ સુધી બોલો.

(૨). ૨૯૨, ૨૮૨, ૨૭૨ „ „ ૯૨ સુધી બોલો.

(૩). ૨૯૩, ૨૮૩, ૨૭૩ „ „ ૯૩ સુધી બોલો.

(૪). ૨૯૪, ૨૮૪, ૨૭૪ „ „ ૯૪ સુધી બોલો.

(૫). ૨૯૫, ૨૮૫, ૨૭૫ „ „ ૯૫ સુધી બોલો.

(૬). ૨૯૬, ૨૮૬, ૨૭૬ „ „ ૯૬ સુધી બોલો.

(૭). ૨૯૭, ૨૮૭, ૨૭૭ „ „ ૯૭ સુધી બોલો.

(૮). ૨૯૮, ૨૮૮, ૨૭૮ „ „ ૯૮ સુધી બોલો.

(૯). ૨૯૯, ૨૮૯, ૨૭૯ „ „ ૯૯ સુધી બોલો.

(૧૦). ૩૦૦, ૨૯૦, ૨૮૦ „ „ ૧૦૦ સુધી બોલો.

(૧૧). ૧૪૦, ૧૨૬, ૧૧૨ એમ ચૌદ ચૌદ બાદ કરી ૧૪ સુધી બોલો.

(૧૨). ૩૦૦, ૨૭૦, ૨૪૦ એમ ત્રીસ ત્રીસ બાદ કરી ૩૦ સુધી બોલો.

૩૦૦−૩૦=૩૦−૩=૨૭ દશક=૨૭૦.

૨૫૦−૨૦−૩૦−૫૦=૨૫−૨−૩−૫=૧૫ દશક=૧૫૦.

(૧૩). ૨૫, ૨૪॥, ૨૪।, એમ ०।, ०। બાદ કરી ०। સુધી બોલો.
(૧૪). ૫૦, ૪૯॥, ૪૯ એમ ०॥, ०॥ બાદ કરી ०॥ સુધી બોલો.
(૧૫). ૧૫૦, ૧૪૮॥, ૧૪૭ એમ ૧॥, ૧॥ બાદ કરી ૧॥ સુધી બોલો.
(૧૬). ૨૫૦, ૨૪૭॥ ૨૪૫ એમ ૨॥, ૨॥ બાદ ૨॥ સુધી બોલો.
(૧૭). ૯૭ માંથી ૯૧ બાદ કરો ( ૯૧ માં કેટલા નાંખવાથી ૯૭ થાય ).
(૧૮). ૧૨૫ માંથી ૧૧૮ બાદ કરો ( ૧૧૮ માં કેટલા નાંખવાથી ૧૨૫ થાય ).
(૧૯). ૨૦૦ સુધીમાંથી ૩૦ સુધીની સંખ્યા બાદ કરવામાં પ્રથમ દશક બાદ કરાવી પછી એકમ બાદ કરાવવા.

૭૯ માંથી ૨૬ બાદ કરવા હોય તો ૭૯−૨૦=૫૯ અને ૫૯−૬=૫૩. અથવા ( ૨૬×૩+૧ )−૨૬=૨૬×૨+૧=૫૩.
૨૫૪ માંથી ૨૯ બાદ કરવા હોય તો ૨૫૪−૨૦=૨૩૪ અને ૨૩૪−૯=૨૨૫ અથવા ૨૫૪−૩૦=૨૨૪, અને ૨૨૪+૧= ૨૨૫ ( રીતનું કારણ સમજાવવું )

(૨૦). નીચેના દાખલામાંથી શિક્ષકે ધીમે ધીમે એકેક સંખ્યા બોલવી, અને વિદ્યાર્થીઓએ મનમાં તેની બાદબાકી કરી છેવટે જવાબ આપવો.

૩૫−૨−૪−૭−૮.
૯૭−૧૦−૧૨−૧૫−૨૦.
૧૧૫−૬+૧૨−૮−૩૦.

## ગુણાકાર.

(૧). એક રૂપિયાના ૧૯ ખડીઆ તો ૭ રૂપિયાના કેટલા ?
(૨). એક ગાયના ૨૬ રૂપિયા તો તેવી ૯ ગાયનું શું ?
(૩). ૨૭ આઠ વાર લઈએ તો કેટલા થાય ?

(૪). એક આનાની ૦। શેર સાકર તો ૬૫ આનાની કેટલી ?
(૫). એક પૈસાની ૦॥ શેર મોગરી તો ૮૯ પૈસાની કેટલી ?
(૬). એક મણ બાજરીનો ૧॥ રૂપિયો તો ૪૩ મણનું શું ?
(૭). એક ખુરસીના ૨॥ રૂપિયા તો તેવી ૪૫ ખુરસીનું શું ?
(૮). ૯ આનાની પાઇ કેટલી ?
(૯). ૦।, ૦॥, ૧॥ ને ૨॥ આનાની પાઇ કેટલી ?
(૧૦). ૭ રૂ.ના આના, ૫ પાવલાંના પૈસા, ને ૯ અડધાના ઢબુ કેટલા ?
(૧૧). ૦।, ૦॥, ૧॥, ૨॥ રૂપિયાની બેઆની કેટલી ?
(૧૨). ૦॥, ૧॥ ને ૨॥ આનાના પૈસા કેટલા ?
(૧૩). ૦॥, ૧॥, ૨॥ ગીનીના રૂપિયા કેટલા ? ૪૭ અડધા ને ૭૫ પાવલાંના રૂપિયા કેટલા ?
(૧૪). ૮ બેઆનીની પાઇ કેટલી ?
(૧૫). પલાખાંમાં ૧૨૦ કેટલી રીતે આવે ?
૧૨×૧૦, ૧૫×૮, ૨૦×૬, ૨૪×૫, ૩૦×૪, ૮૦×૧॥, ૪૮×૨॥, ૯૬×૧।.

## ભાગાકાર.

( ૧ ). કેટલાં સત્તાં ૯૮ ? કેટલાં અઠ્ઠાં ૨૨૪ ? કેટલા પા ૧૬। ? કેટલા અર્ધે ૪૯॥ ? કેટલા દોઢું ૯૦॥ ? કેટલા અઢીઉં ૨૧૨॥ ?
( ૨ ). ૨૧૬માં ૨૭, ૬। માં ૦।, ૨૧॥ માં ૦॥, ૯૪॥ માં ૧॥ ને ૧૧૨॥ માં ૨॥ કેટલી વાર છે ?
( ૩ ). ૧૬૧ કેરી ૭ છોકરાને સરખે ભાગે વહેંચો. (કેટલા સત્તાં ૧૬૧?).
( ૪ ). ૧૯ પૈસાનાં ૧૭૧ પાન તો પૈસાનાં કેટલાં ?
( ૫ ). ૨૩ રૂપિયાની એક ગાય મળે છે તો તેવી ૧૮૪ રૂપિયાની કેટલી આવે ?

(૬). ૧૧।રૂપિયા છે, દરેકને ૦। રૂપિયો આપીએ તો કેટલાને અપાય ?
(૭). એક ચોપડીનો ૦।। રૂ. તો ૩૦ રૂ.ની કેટલી ચોપડી આવે ?
(૮). મણ બાજરીનો દોઢ રૂપિયો તો ૬૪।। રૂપિયાની કેટલા મણ ?
(૯). ૨।। રૂ.નું એક ફાનસ મળે છે તો તેવાં ૯૫ રૂપિયાનાં કેટલાં ?
(૧૦). ૧૦૮ પાઇના આના, ૧૨૮ આનાના રૂ., ને ૧૦૫ રૂપિયાની ગીની કેટલી ?

## ધોરણ ત્રીજું.

આ ધોરણમાં તોલમાપ, લૂગડાનાં માપ, ભરતલનાં માપ, અને વખતનાં સ્થાનિક કોષ્ટકો શિખવવાનાં છે; અને પહેલાં ત્રણ વર્ષમાં શીખી ગયેલા આંક અને કોષ્ટકોનો ઉપયોગ થાય એવું મુખગણિત રાખેલ છે.

### હિસાબમાં ગણાતું નાણાંનું કોષ્ટક.

૧૬ વીસવાસી=૧ બદામ.
૧૬ બદામ = ૧ દોકડો.
૧૦૦ દોકડા = ૧ રૂપિયો.

૧ પૈસો = ૨૫ બદામ.
૧ આનો = ૧૦૦ બદામ.
૧ રૂપિયો =૧૬૦૦ બદામ.

૧ દોકડો = ૧૦૦ ફોકડા.
૧ આનો = ૧૬ ઉપઆના.
૧ આનો = ૬। દોકડા.

### તોલમાપ.

૫ મણ = ૧ કોથળો.
૭ મણ = ૧ નાનો હારો.
૧૨ મણ = ૧ માણી.
૧૬ મણ = ૧ કળશી.
૨૦ મણ = ૧ ખાંડી.
૨૧ મણ = ૧ મોટો હારો.
૨૪ મણ = ૧ ભાર.
૩૦ મણ = ૧ ગાડી.
૩૨ મણ = ૧ બેડીઉં.
૪૦ મણ = ૧ નાનો મુડો.
૧૦૦ મણ = ૧ મોટો મુડો.

**रू तथा कपास तोळवानुं कोष्टक.**

४८ शेर=१ धडी.
२० धडी=१ भार.

**सोना रूपानुं तोल.**

६ चोखाभार=१ रती.
४ मगभार=१ रती.
३ रती= १ वाल.
१६ वाल = १ गदियाणो.
२ गदियाणा = १ तोलो.

**लुगडांनां माप.**

२० तसु=१=हाथ.
२४ तसु=१ गज.
१॥ गज=१ वार.

**भरतलनां माप.**

२० चोरस काठी=१ वसो.
२० वसा=१ वीघो.

---

८ आडाजव=१ आंगळ.
४ आंगळ=१ मुठी.
३ मुठी=१ वेंत.
२ वेंत=१ हाथ.
४ हाथ=१ दंड.
२००० दंड=१ गाउ.
४ गाउ=१ जोजन.

**वखतनुं देशी कोष्टक.**

६० विपळ =१ पळ.
६० पळ = १ धडी.
६० धडी =१ रात्रीदिवस.
३० दिवस = १ महीनो.
१२ महीना =१ वर्ष.
३६० दिवस =१ वर्ष.
३५४ दिवस =१ चांद्रवर्ष.

---

२॥ धडी=१ कलाक.
७॥ धडी=१ पहोर.
८ पहोर=१ रात्रीदिवस.
७ दिवस=१ अठवाडीउं.
२ अठवाडीआं=१ पखवाडीउं
२ पखवाडीआं=१ मास.

**वखतनुं अंग्रेजी कोष्टक.**

६० सेकंड=१ मिनिट.
६० मिनिट=१ कलाक.
२४ कलाक=१ दिवस.
३६५ दिवस= १ सौरवर्ष.

| ગણતરી. | કાગળ લેવામાં. |
| --- | --- |
| ૨૦ નંગ = ૧ કોડી. | ૨૪ તાવ = ૧ ધા (દસ્તો). |
| ૧૦૦ નંગ = ૧ સેંકડો. | ૨૦ ધા = ૧ રીમ. |
| ૧૦ સેંકડા = ૧ હજાર. | ૧૦ રીમ = ૧ ગાંસડી. |

**સાત વાર**—રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ.

**બાર મહીના**—કારતક, માગશર, પોષ, માહ, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાડ, શ્રાવણ, ભાદરવો, આસો.

**પંદર તિથિઓ**—પડવો, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, છઠ, સાતમ, આઠમ, નોમ, દશમ, અગિયારશ, બારશ, તેરશ, ચોદશ, પુનેમ.

અજવાળીઆને સુદ પખવાડીઉં ને અંધારીઆને વદ પખવાડીઉં કહે છે.

## સરવાળા.

( ૧ ). ૨૪૫+૧૦૦, ૯૨૫+૪૦૦, ૮૦૦+૭૫૬, ૨૨૫+૩૦૦+૪૦૦ બરાબર કેટલા થાય ? ( શતકમાં શતક ભેગાવવા. )

( ૨ ). ત્રણ અંકની સંખ્યામાં બે અંકની સંખ્યા ઉમેરવી હોય તો પ્રથમ દશક ભેળવી પછી એકમ ભેગાવવા.

૩૫૩+૭૫=૩૫૩+૭૦=૪૨૩ અને ૪૨૩+૫=૪૨૮.

૬૭૩+૬૭=૬૭૩+૬૦=૭૩૩ અને ૭૩૩+૭=૭૪૦.

૭૨૬+૯૮=૭૨૬+૯૦=૮૧૬ અને ૮૧૬+૮=૮૨૪.

( ૩ ). ત્રણ અંકની સંખ્યામાં દશક કરતાં થોડી કમી હોય એવી સંખ્યા ઉમેરવી હોય તો પ્રથમ પૂરા દશક ભેળવી, દશકથી કમી સંખ્યા બાદ કરવી.

૩૨૩માં ૫૯ ભેળવવા હોય તો ૩૨૩+૬૦=૩૮૩ અને ૩૮૩ −૧=૩૮૨.

૭૫૬ માં ૭૭ ભેળવવા હોય તો ૭૫૬+૮૦=૮૩૬ અને ૮૩૬ -૩=૮૩૩.

૫૬૮ માં ૮૬ ભેળવવા હોય તો ૫૬૮+૯૦=૬૫૮ અને ૬૫૮ -૪=૬૫૪.

(૪). ૧૧૧ એવી એવી સાત રકમોનો સરવાળો કરો.

(૫). ૨૨૨ એવી ચાર રકમોનો સરવાળો કરો.

(૬). ૩૩૩ એવી ત્રણ રકમોનો સરવાળો કરો.

(૭). ૦।।।, ૧।।, ૨। એમ પોણા પોણા ઉમેરી ૭૫ સુધી બોલો.

(૮). ૧।, ૨।।, ૩।।। એમ સવા સવા ઉમેરી ૧૨૫ સુધી બોલો.

(૯). ૨ શેર લોટ, ૦।। શેર ગોળ, ૦।।। શેર ઘી, ૧ નવટાંક તેલ મગીને કુલ વજન કેટલું?

(૧૦). એક વેપારીએ દશશેરથી નવ વખત બાજરો જોખ્યો તો તે કેટલા મણ થયો?

## બાદબાકી.

(૧). ૯૨૮ માંથી ૧૦૦, ૪૪૩ માંથી ૨૦૦, ૯૩૭ માંથી ૭૦૦ બાદ કરો. (શતકમાંથી શતક બાદ કરાવવા).

(૨). ત્રણ અંકની સંખ્યામાંથી બે અંકની સંખ્યા બાદ કરવી હોય તો પ્રથમ દશક બાદ કરાવી પછી એકમ બાદ કરાવવા.

૩૨૮-૯૫=૩૨૮-૯૦=૨૩૮, અને ૨૩૮-૫=૨૩૩.

૪૬૭-૫૮=૪૬૭-૫૦=૪૧૭, અને ૪૧૭-૮=૪૦૯.

૯૪૪-૮૬=૯૪૪-૮૦=૮૬૪, અને ૮૬૪-૬=૮૫૮.

(૩) ત્રણ અંકની સંખ્યામાંથી દશક કરતાં થોડી કમી હોય એવી સંખ્યા બાદ કરવી હોય તો પ્રથમ પૂરો દશક બાદ કરાવી પછી કમી સંખ્યા ઉમેરાવવી.

૪૨૫−૩૮=૪૨૫−૪૦=૩૮૫ અને ૩૮૫+૨=૩૮૭.

૬૧૮−૫૭=૬૧૮−૬૦=૫૫૮ અને ૫૫૮+૩=૫૬૧.

૯૪૨−૭૬=૯૪૩−૮૦=૮૬૩ અને ૮૬૩+૪=૮૬૭.

(૪). ૬૬૬ માંથી ૪૪૪, ૮૮૮ માંથી ૬૬૬, ૯૯૯ માંથી ૭૭૭ બાદ કરો.

(૫). ૩૩૩ માં કેટલા ઉમેરીએ તો ૯૯૯ થાય. પોણોસોમાં કેટલા ઉમેરીએ તો પોણી સો ( ૯૯॥ ) થાય.

(૬). ૭૫, ૭૪।, ૭૩॥ એમ પોણો પોણો બાદ કરી ૦॥ સુધી બોલો.

(૭). ૧૨૫, ૧૨૩॥।, ૧૨૨॥ એમ સવા સવા બાદ કરી ૧॥ સુધી બોલો.

(૮). બરણીમાં સવા પાંચ શેર ઘી હતું, તેમાંથી ૫૦ રૂપિયાભાર ઢોળાઇ ગયું તો કેટલા શેર બાકી રહ્યું ?

(૯). ૨॥ શેરમાંથી ૮ અધોળ જાય તો કેટલા શેર રહે ?

(૧૦). ૧॥ મણમાંથી ૬૦ શેર જાય તો કેટલા મણ રહે ?

(૧૧). ૩। મણ ૫ શેરમાં કેટલું ઉમેરીએ તો ૪ મણ થાય.

## ગુણાકાર.

(૧). બે અંકની સંખ્યાને પૂરા દશકે ગુણવું હોય, તો દશકના અંકે ગુણી તે પર એક મીંડું ચઢાવવું.

૨૯×૬૦=૨૯×૬ દશક=૧૭૪ દશક=૧૭૪૦.

(૨). બે અંકની સંખ્યાને ૫ ( ૦॥ દશક ) ને ૧૫ ( ૧॥ દશક ) એ ગુણવા હોય, તો તે સંખ્યાને ૦॥ ને ૧॥ એ ગુણતાં આવે તેટલા દશક સમજવા.

૯૫×૫=૯૫×૦॥ દશક=૪૭॥ દશક=૪૭૫.

૪૭×૧૫=૪૭×૧॥ દશક=૭૦॥ દશક=૭૦૫.

(૩). બે આંકની સંખ્યાને પૂરા શતકે ગુણવું હોય તો શતકના આંકે ગુણી તે પર બે મીંડાં ચઢાવવાં.

૩૭×૯૦૦=૩૭×૯ શતક=૩૩૩ શતક=૩૩૩૦૦.

(૪). બે આંકની સંખ્યાને ૨૫ (પા સો), ૫૦ (૦॥ સો), ૭૫ (૦॥। સો), ૧૨૫ (૧। સો), ૧૫૦ (૧॥ સો), અને ૨૫૦ (૨॥ સો)એ ગુણવા હોય તો, તે સંખ્યાને ૦।, ૦॥, ૦॥।, ૧।, ૧॥ અને ૨॥ એ ગુણતાં આવે તેટલા સો સમજવા.

૭૩×૨૫=૭૩×૦। સો=૧૮। સો=૧૮૨૫.

૮૫×૫૦=૮૫×૦॥ સો=૪૨॥ સો=૪૨૫૦.

૬૭×૭૫=૬૭×૦॥। સો=૫૦। સો=૫૦૨૫.

૯૪+૧૨૫=૯૪×૧। સો=૧૧૭॥ સો=૧૧૭૫૦.

૪૫×૧૫૦=૪૫=૧॥ સો=૬૭॥ સો=૬૭૫૦.

૬૪×૨૫૦=૬૪×૨॥ સો=૧૬૦ સો=૧૬૦૦૦.

(૫). ૩૭×૪૯=(૩૭×૫૦)−(૩૭×૧)=૧૮૫૦−૩૭=૧૮૧૩.

૫૭×૬૧=(૫૭×૬૦)+(૫૭×૧)=૩૪૨૦+૫૭=૩૪૭૭.

૯૯॥।×૩૩=(૧૦૦×૩૩)−(૦।×૩૩)=૩૩૦૦−૮।=૩૨૯૧॥।.

(૬). ૩૨૫×૭=૩। સો×૭=૨૨॥। સો=૨૨૭૫.

૭૫૦×૮=૭॥ સો×૮=૬૦સો=૬૦૦૦.

૯૭૫×૬=૯॥। સો×૬=૫૮॥ સો=૫૮૫૦.

(૭). કોઇ સંખ્યાને ૦। એ ગુણવા હોય તો તે સંખ્યાને ચારે ભાગવા.

૮૩×૦।=૮૩÷૪=૨૦॥। (શેષ વધે તેટલા પાવલા).

૧૨૫×૦।=૧૨૫÷૪=૩૧।.

(૮). કોઇ સંખ્યાને ૦॥ એ ગુણવા હોય તો બેએ ભાગવા.

૭૨×૦॥=૭૨÷૨=૩૬.

૧૨૩×૦॥=૧૨૩÷૨=૬૧॥ ( શેષ વધે તેટલા અરધા ).

( ૯ ). કોઈ સંખ્યાને ૦॥। એ ગુણવા હોય તો ત્રણે ગુણી ચારે ભાગવા.

૭૩×૦॥।=૭૩×૩÷૪=૫૪॥। ( શેષ વધે તેટલાં પાવલાં ).

( ૧૦ ). ૨॥ શેરના અચ્છેર, ૫ અચ્છેરના પાશેર, ૩ પાશેરનાં નવટાંક, અને ૭ નવટાંકનાં અધોળ કરો.

( ૧૧ ). ૫ શેરના પાશેર, ૧ અચ્છેરનાં નવટાંક, અને ૧૫ પાશેરનાં અધોળ કરો

( ૧૨ ). ૩ શેરનાં નવટાંક, અને ૬ અચ્છેરના અધોળ કરો.

( ૧૩ ). ૩ શેર, ૫ અચ્છેર, ૧૩ પાશેર, ૧૩ નવટાંક, ને ૧૫ અધોળના રૂ. ભાર કરો.

( ૧૪ ). ૦।, ૦॥, ૦॥।, ૧।, ૧॥, ૨॥, ને ૪ મણના શેર કરો.

( ૧૫ ). ૭ મણની સવાશેરી, અઢીશેરી, પાંચશેરી, દશશેરી, ને અધમણીઆં કરો.

## ભાગાકાર.

( ૧ ). કેટલાં પોણાં ૪૪। ? કેટલા સવા ૯૩॥। ?

( ૨ ). ૩૩ માં ૦॥।, ૬૮। માં ૦॥।, ૬૮॥ માં ૧।, ને ૧૨૦ માં ૧। કેટલી વાર છે ?

( ૩ ). કોઈ સંખ્યાને ૦। એ ભાગવા હોય, તો તે સંખ્યાને ચારે ગુણવા.

૧૨÷૦।=૧૨×૪=૪૮, અથવા (કેટલા પા ૧૨ ?)

( ૪ ). કોઈ સંખ્યાને ૦॥ એ ભાગવા હોય તો તે સંખ્યાને બેએ ગુણવા.

૮÷૦॥=૮×૨=૧૬, અથવા (કેટલા અરધાં ૮ ?)

( ૫ ). કોઈ સંખ્યાને ૦॥। એ ભાગવા હોય, તો તે સંખ્યાને ચારે ગુણી ત્રણે ભાગવા.

૯÷૦॥।=૯×૪÷૩=૧૨, અથવા (કેટલાં પોણાં નવ ?)

(૬). બે ત્રણ અંકની સંખ્યાને પૂરા દશકે ભાગવા હોય, તો ભાજ્યમાંથી એકમનો અંક કાપી નાંખી બાકીના ભાજ્યને મીડા વગરના ભાજકે ભાગવા, ને શેષ પર ભાજ્યનો કાપી નાંખેલો અંક ચઢાવવો.

૯૩÷૩૦=૯÷૩=૩ ભાગાકાર ને શેષ ૩.

૯૫÷૪૦=૯÷૪=૨ ભાગાકાર ને શેષ ૧૫.

૭૮૯÷૮૦=૭૮÷૮=૯ ભાકાર ને શેષ ૬૯.

(૭). ત્રણ અંકની સંખ્યાને પુરા શતકે ભાગવા હોય તો ભાજ્યના દશમ એકમના અંક કાપી નાંખી બાકીના ભાજ્યને મીડા વગરના ભાજકે ભાગવા, ને શેષ પર ભાજ્યના કાપી નાંખેલા અંક ચઢાવવા.

૭૮૮÷૨૦૦=૭÷૨=૩ ભાગાકાર ને શેષ ૧૮૮.

(૮). ૧૨ અધોળનાં નવટાંક, ૧૪ નવટાંકના પાશેર, ૧૮ પાશેરના અચ્છેર, અને ૩૮ અચ્છેરના શેર કરો.

(૯). ૧૬ અધોળના પાશેર, ૩૨ નવટાંકના અચ્છેર, અને ૯૬ પાશેરના શેર કરો.

(૧૦). ૯૬ અધોળના અચ્છેર, અને ૭૨ નવટાંકના શેર કરો.

(૧૧). ૮૦, ૧૧૨ ને ૧૪૪ અધોળના શેર કરો.

(૧૨). ૮૦ રૂપિયાભારનાં અધોળ (કેટલા અઢીઆં ૮૦?), ૯૫ રૂ. ભારનાં નવટાંક, ૩૦૦ રૂ. ભારના પાશેર, ૬૦૦ રૂ. ભારના અચ્છેર, અને ૮૦૦ રૂ. ભારના શેર કેટલા?

(૧૩). ૬ અધમણીઆંના મણ, ૧૨ દશશેરાનાં અધમણીઆં, ૧૬ પાંચશેરીના દશશેરા, ૨૨ અઢીશેરીની પાંચશેરી, અને ૨૮ સવાશેરીની અઢીશેરી કેટલી?

(૧૪). ૧૬ દશશેરાના મણ, ૨૦ પાંચશેરીનાં અધમણીઆં, ૨૪ અઢીશેરીના દશશેરા, ને ૨૮ સવાશેરીની પાંચશેરી કેટલી?

(૧૫). ૨૪ પાંચશેરીના મણ, ૪૮ અઢીશેરીનાં અધમણીઆં, ને ૩૨ સવાશેરીના દશશેરા કેટલા?

(૧૬). ૩૨ અઢીશેરીના મણ, ને ૪૮ સવાશેરીનાં અધમણીઆં કેટલાં?

(૧૭). ૨૮૮ સવાશેરીના મણ કેટલા? ( ૩૨ નો પાડો શિખવવો.)

(૧૮). ૮૦ શેરની સવાશેરી ( કેટલા સવા ૮૦?), ૯૫ શેરની અઢીશેરી ( કેટલા અઢીઆં ૯૫ ?), ૧૬૦ શેરની પાંચશેરી (કેટલા પંચાં ૧૫૦ ?), ૯૦૦ શેરના દશશેરા, ૭૦૦ શેરનાં અધમણીઆં, ૯૦૦ શેરના પોણામણ. અને ૭૨૦ શેરના મણ કેટલા?

## લેખાં.

**ગુણાકારથી થાય તેવા દાખલાઃ**—(૧). ૨ આનાનાં ૧૫ કેળાં તો ૧૪ આનાનાં કેટલાં? આ હિસાબ ટુંકામાં પાટિયા પર પાસે બતાવ્યા મુજબ નોંધવાથી બે લાભ થાય છે. જવાબ કઈ જાતનો લાવવો છે તે, તથા જવાબ ઓછો આવશે કે વધારે તે બાળકના ખ્યાલમાં તરત આવી જાય છે; માટે લેખાંના દાખલા હંમેશાં પાટિયા પર આ રીતે લખવાનો રિવાજ રાખવો.

| આના. | કેળાં, |
|---|---|
| ૨ | ૧૫ |
| ૧૪ | |

આમાં ૨ આના કરતાં ૧૪ આના ૭ ગણા છે માટે ૨ આનાનાં કેળાં કરતાં ૧૪ આનાનાં કેળાં ૭ ગણાં મળવાં જોઈએ; કેમકે જેટલા ગણી કિંમત આપીએ, તેટલાગણી વસ્તુ મળવી જોઈએ; માટે ૧૫×૭=૧૦૫ કેળાં મળે.

(૨). ૩ પૈસાની ૮ પેન તો ૭૨ પેનનું શું ? ૮ પેન કરતાં ૭૨ પેન ૯ ગણી છે, માટે ૩ પૈસા કરતાં નવ ગણી કિંમત બેસે. તેથી જવાબ ૩×૯=૨૭ પૈસા.

(૩). ૩ રૂપિયે મણ ચોખા તો ૯૬ રૂપિયાના કેટલા ?

(૪). ૫ નંગનો ૦ાા રૂપિયો તો સેંકડાનું શું?

(૫). ૦ા રૂપિયાનાં ૩ નાળિએર તો ૩ રૂપિયાનાં કેટલાં ?

(૬). દરેક છોકરાને ૦ાા શેર બરફી આપીએ તો ૧૨૮ છોકરા માટે કેટલી બરફી જોઇએ ?

(૭). દરરોજનું ૧ાા શેર દૂધ વપરાય તો મહીને કેટલું જોઇએ ?

(૮). એક છત્રીનો ૧ાા રૂપિયો તો ૯૩ રૂપિયાની કેટલી છત્રી મળે ?

(૯). ૨ાા રૂપિયાની ૧ ટોપી મળે છે તો ૨૨ાા રૂપિયાની કેટલી મળે ?

(૧૦). ૧ા આને શેર કારેલાં તો ૦ાાા મણનું શું બેસે ?

(૧૧). ૨ાા શેરના ૧૩ આના તો ૧ મણનું શું ?

(૧૨). ૧ા શેર કેરીના ૪ પૈસા તો ૧ મણનું શું ?

(૧૩). ૨ મણ ચોખાના ૬ા રૂપિયા તો ૧ ખાંડીનું શું ?

(૧૪). ૪ મણના ૨ાા રૂપિયા તો મોટા મુડાનું શું ?

(૧૫). ૩ તસુની કિંમત રૂા. ૦ાા તો ૧ ગજનું શું ?

(૧૬). ૪ વાલ સોનાની કિંમત ૩ા રૂપિયા તો ૧ તોલાનું શું ?

**ભાગાકારથી થાય તેવા દાખલા:**—(૧). ૨૪ પૈસાની ૧૬ પેન્સિલ તો ૩ પૈસાની કેટલી ? ૨૪ પૈસાનો ૩ પૈસા આઠમો ભાગ છે, માટે ૧૬ પેન્સિલનો આઠમો ભાગ મળે, તેથી ૧૬÷૮=૨પેન્સિલ.

(૨). ૪૦ રૂ. ના ૫૧ કબજા મળે; તો ૧૦ રૂ.ના કેટલા મળે ?

(૩). ૧૨ દિવસની મજૂરી રૂા. ૪ાાા મળે તો ૩ દિવસનું શું મળે ?

(૪). ૧૦ પાઠ શીખવાને ૧૫ દિવસ લાગે તો ૨ પાઠ શીખવાને કેટલો વખત લાગે ?

(૫). હજાર પુળાના રૂ. ૭ાા બેસે તો ૨૦૦ પુળાનું શું ?

(૬). ૧૮ વારના રૂ ૨ાા– તો ૨ વારનું શું ?

(૭). ૧ ગજના રૂ. ૧ાા= તો ૪ તસુનું શું ?

(૮). ૧ શેર સાકરનો ૦ા રૂ. બેસે તો નવટાંકનું શું ?

(૯). ૦ાા મણ જુવારની કિમ્મત રૂ. ૧–૨–૦ તો ૨ાા શેરનું શું ?

(૧૦). ૨ાા મણ ચોખાના ૧૦ રૂ. બેસે તો ૫ શેર ચોખાનું શું ?

(૧૧). ખાંડી જુવારના ૨૪ રૂ. બેસે તો ૨ાા મણનું શું ?

(૧૨). તોલા સોનાની કિંમત રૂ. ૨૬) બેસે તો ૪ વાલનું શું ?

**એકમની રીતના દાખલા:**—(૧). ૭ પૈસાની ૨૧ પેન તો ૪ પૈસાની કેટલી ? આમાં ૧ **પૈસાની** કેટલી પેન મળે તે કાઢી પછી ૪ પૈસાની કઢાય છે માટે આ રીતને **એકમની રીત** કહે છે. ૨૧ પેન÷૭×૪=૧૨ પેન.

(૨). ૧૮ વારના ૪ાા રૂ. તો ૫ વારનું શું ?

(૩). ૪૮ કાગળના ૧૨ રૂ. તો ૭ કાગળનું શું ?

(૪). ૧૪ાા શેર પેંડા ૨૯ છોકરાને સરખે ભાગે આપવા હોય, તો ૨ છોકરાને ભાગે કેટલા આવે ?

(૫). એક વીશીમાં ૨ માસમાં ૩૦ મણ ચોખા વપરાય છે તો ૭ દિવસમાં કેટલા જોઈએ ?

(૬). ૪૦ મણ બાજરાના ૬૦ રૂ. બેઠા તો ૩ મણનું શું ?

(૭). ૩૦ રૂ. નું ૧ મણ ૫ શેર ઘી તો ૯ રૂ. નું કેટલું ?

(૮). ૨૮ાા રૂ. નું ૧૯ મણ તો ૬ મણનું શું ?

(૯). ૪ ચાદરના ૧૦ રૂ. તો ૧૫ ચાદરનું શું ?

(૧૦). મણુ ઘીના રૂપિયા ૩૦ તો ૩ શેર ઘીનું શું ?
(૧૧). ૨૦ ચોપડીના ૨૫ રૂ. તો ૩ ચોપડીનું શું ?
(૧૨). કોડી વાંસના રૂા. ૧।।~ તો ૩ નંગનુ શું ?
(૧૩) ખાંડી જુવારના ૨૫ રૂ બેસે તો ૭ મણનું શું ?
(૧૪). ૧૩ ચોપડીના રૂ ૪)~ તો ૯ ચોપડીનું શું ?
(૧૫). ૨૯ ટોપીના ૮૭ રૂપિયા બેસે તો ૧૧ ટોપીનું શું
(૧૬). ૫ પૈસાનું શેર શાક તો ૨ પૈસાનું કેટલું ?
(૧૭). ૨૦ રૂ. નું મણુ ઘી તો ૬ રૂ. નું કેટલું ?
(૧૮). ૩૨ રૂપિયે તોલો દવા મળે તો ૭ વાલ દવાનું શું ?
☞ ભાગતાં શેષ વધે તેવા દાખલા ન લેવા.

## ખંડ ૨ જો. ધોરણ ચોથા માટે.

આ ધોરણમાં મુખગણિતમાં ૧૬, ૨૦, ૨૪, ૩૦, ૪૦, ૪૮, ૯૬, ૧૦૦, ૧૨૦, અને ૩૬૦ એટલાં ગુણોત્તરોનો ઉપયોગ થાય, એવા પ્રશ્નો પૂછવાના ઠરાવેલા છે. આને માટે નીચેને ક્રમે કામ કરવું.

### પાઠ ૧ લો. આંક.

નીચેના આંક લેખાંના હિસાબ ગણવાને ઘણા ઉપયોગી છે, માટે તે પ્રથમ પાકા કરાવવા.

૧. પાણ:—૧ પાણ = ૧ પાવલું. માટે જેટલી પાણની વદી ગણવી હોય તેને ચારે ભાગતાં આવે તેટલી વદી, ને શેષ વધે તેટલી પાણ જાણવી. જેમ—

૯૫ પાણુ = ૯૫ પાણુ ÷ ૪ = ૨૩ ને શેષ ૩ પાણુ; માટે ૯૫ પાણુની ૩ પાણુ વદી ૨૩.

૨. બદામ:—૧૬ બદામે ૧ દોકડો. માટે જેટલી બદામના દોકડા કરવા હોય તેને સોળે ભાગતાં આવે તે દોકડા, ને શેષને ચારે ભાગતાં આવે તે ા દોકડા તેમાં જે શેષ વધે તે બદામ જાણવી. જેમ—

૭૫ બદામ = ૭૫ બદામ ÷ ૧૬ = ૪ દોકડા. શેષ ૧૧ બદામ ÷ ૪ = ૨ પા દોકડા ને શેષ ૩ બદામ; માટે જવાબ ૪ાા દોકડા ૩ બદામ.

૩. આનાની ધાત:—૧૬ આને ૧ રૂપિયો. માટે જેટલા આનાના રૂપિયા કરવા હોય તેને સોળે ભાગતાં આવે તે રૂપિયા, ને શેષને ચારે ભાગતાં આવે તે પાવલાં, ને તેમાં જે શેષ વધે તે આના જાણવા. જેમ—

૭૭ આના = ૭૭ આના ÷ ૧૬ = ૪ રૂપિયા, શેષ ૧૩ આના ÷ ૪ = ૩ પાવલાં, ને શેષ ૧ આનો; માટે જવાબ રૂ. ૪ાાા-.

૪. દોકડા:—૧૦૦ દોકડે ૧ રૂપિયો. માટે જેટલા દોકડાના રૂપિયા કરવા હોય તેને સોએ ભાગવા. સોએ ભાગવા માટે દોકડાના દશક એકમના અંક કાપતાં બાકી રહે તેટલા રૂપિયા; ને દશક એકમ શેષ જાણવા, તેને ૨૫ એ ભાગતાં આવે તેટલાં પાવલાં, ને તેમાં જે શેષ રહે તે દોકડા જાણવા. જેમ—

૨૮૭ દોકડા = ૨૮૭ દોકડા ÷ ૧૦૦ = ૨ રૂપિયા, શેષ ૮૭ દોકડા ÷ ૨૫ = ૩ પાવલાં, ને શેષ ૧૨ દોકડા, માટે જવાબ રૂ. ૨ાાા ૧૨ દોકડા.

## ૫. ૫। આનાની ધાત.

૦। આનાનો ૧।। દોકડો ૧ બદામ.
૦।। આનાના ૩ દોકડા ૨ બદામ.
૦।।। આનાના૪।। દોકડા ૩ બદામ.
૧ આનાના ૬। દોકડા.
૧। આનાના ૭।।દોકડા ૧ બદામ.
૧।। આનાના ૯। મા દોકડા ૨ બદ.
૧।।। આનાના ૧૦।।દોકડા૩બદામ.
૨ આનાના ૧૨।। દોકડા.
૨। આનાના ૧૪ દોકડા૧બદામ.
૨।। આનાના૧૫।।દોકડા ૨બદામ.
૨।।। આનાના ૧૭દોકડા ૩ બદામ.
૩ આનાના ૧૮।।। દોકડા.
૩। આનાના ૨૦। દોકડા૧બદામ.
૩।। આનાના ૨૧।।દોકડા૨બદામ
૩।।। આનાના૨૩। દોકડા ૩ બદામ.
૪ આનાના ૨૫ દોકડા.
૫ આનાના ૩૧। દોકડા.
૬ આનાના ૩૭।। દોકડા.
૭ આનાના ૪૩।।। દોકડા.
૮ આનાના ૫૦ દોકડા.
૯ આનાના ૫૬। દોકડા.
૧૦ આનાના ૬૨।। દોકડા.
૧૧ આનાના ૬૮।।। દોકડા.
૧૨ આનાના ૭૫ દોકડા.
૧૩ આનાના ૮૧। દોકડા.
૧૪ આનાના ૮૭।। દોકડા.
૧૫ આનાના ૯૩।।। દોકડા.
૧૬ આનાના ૧૦૦ દોકડા.

---

## પાઠ ૨ જો. આણપાણના ગુણાકાર.

૧. નીચેના કોઠા લેખાના હિસાબ ગણવાને ઘણા ઉપયોગી છે, માટે તે મોઢે જેવા કરવા.

પાયે પાયે એક આનો

૦। × ૦। = ૦)-
૦।। × ૦। = ૦)=
૦।।। × ૦। = ૦)≡
૧ × ૦। = ૦।
૧। × ૦। = ૦।-
૧।। × ૦। = ૦।=
૧।।। × ૦। = ૦।≡
૨ × ૦। = ૦।।
૨। × ૦। = ૦।।-

૨॥ × ૦। = ૦॥=

પા અર્ધે બે આના.

પા × ૦॥ = ૦)=

૦॥ × ૦॥ = ૦।

૦।॥ × ૦॥ = ૦।=

૧ × ૦॥ = ૦॥

૧। × ૦॥ = ૦॥=

૧॥ × ૦॥ = ૦।॥

૧।॥ × ૦॥ = ૦।॥=

૨ × ૦॥ = ૧

૨। × ૦॥ = ૧)=

૨॥ × ૦॥ = ૧।

પા પોણે ૩ આના.

૦। × ૦।॥ = ૦)≈

૦॥ × ૦।॥ = ૦।=

૦।॥ × ૦।॥ = ૦॥~

૧ × ૦।॥ = ૦।॥

૧। × ૦।॥ = ૦।॥≈

૧॥ × ૦।॥ = ૧)=

૧।॥ × ૦।॥ = ૧।~

૨ × ૦।॥ = ૧॥

૨। × ૦।॥ = ૧॥≈

૨॥ × ૦।॥ = ૧।॥=

૨. **આણુપાણુવાળી રકમનો વર્ગ કરવાની સહેલી રીતઃ**—ગુણકની પાણો ગુણ્યમાં ભેળવી, તેથી જે બે નવી રકમ બને, તેનો ગુણાકાર કરી, તેમાં ગુણ્ય ગુણકની પાણોનો ગુણાકાર ભેળવવો. જેમ,

૨।×૨।=૨॥×૨+ ૦।×૦। = ૫+૦)~ =૫)~.

૨॥×૨॥ = ૩×૨ + ૦॥×૦॥ = ૬+૦। = ૬।.

૨।॥×૨।॥ = ૩॥×૨ + ૦।॥×૦।॥ = ૭+૦॥~=૭॥~.

૩. **આણુપાણુના માંએ ગુણાકાર** કરવામાં ગુણ્ય રકમના આખા રૂપિયા ને આના એવા બે ભાગ કરી, તે દરેકને ગુણકે ગુણી આવેલા ગુણાકારોનો સરવાળો કરવો. જેમ,

૧૧।≈×૨।=૧૧×૨।+૯આ.×૨।=૨૪।॥+૧પા॥આ.=૨૫॥≈॥.

૧૨।॥=×૩॥=૧૨×૩॥+૧૪આના×૩॥=૪૨+૪૯આના=૪૫)~.

( ૧૩ ને ૩ા એ ગુણી તેમાંથી ૨ આનાને ૩ાએ ગુણી બાદ કરેથી પણ આ દાખલો ઝટ થાય. )

૧૫॥~×૩॥=૧૫×૩॥+૯આના×૩॥=૫૬ા+૩૩॥આના=૫૮ા~॥.

૫~॥×૧॥=૫×૧॥+૫॥આના×૧॥=૭ા+૮ાઆના=૮)ા.

---

## પાઠ ૩ જો. ગુણોત્તર.

**બીજી સંખ્યાથી પહેલી સંખ્યા કેટલા ગણી છે, તે તે બે સંખ્યાનું ગુણોત્તર કહેવાય છે.** એ કાઢવા માટે પહેલી સંખ્યાને બીજી સંખ્યાએ ભાગવી પડે છે. જેમ, ૧૬ ને ૨ નું ગુણોત્તર ૧૬÷૨=૮, ૪૦ ને ૪નું ગુણોત્તર ૪૦÷૪=૧૦, ૩૬ ને ૩નું ગુણોત્તર ૩૬÷૩=૧૨, ૯૦ ને ૩નું ગુણોત્તર ૯૦÷૩=૩૦; ૪ ને ૧૬નું ગુણોત્તર ૪÷૧૬=ા, ૩ ને ૬નું ગુણોત્તર ૩÷૬=॥, ૫ ને ૧૫નું ગુણોત્તર ૫÷૧૫=$\frac{૫}{૧૫}$=$\frac{૧}{૩}$, ૨ ને ૧૬નું ગુણોત્તર ૨÷૧૬=$\frac{૨}{૧૬}$=$\frac{૧}{૮}$.

**પરિમાણોનું ગુણોત્તરઃ**—જેમ બે સાદી સંખ્યાનું ગુણોત્તર કાઢી શકીએ છીએ, તેમ બે વિવિધ પરિમાણોનાં ગુણોત્તર કાઢી શકીએ. પરન્તુ તે બે પરિમાણો એકજ જાતનાં ને એકજ નામનાં જોઇએ. ખાંડી અને મણ એકજ જાતનાં પરિમાણ છે, પણ એકજ નામનાં નથી; માટે ખાંડી અને મણનું ગુણોત્તર કાઢતી વખતે ખાંડીના મણ કરવા જોઇએ. ખાંડીના મણ ૨૦ માટે ખાંડી ને મણનું ગુણોત્તર ૨૦ મણ ÷ ૧ મણ=૨૦, રૂપિયા ને આનાનું ગુણોત્તર ૧૬ આના÷૧ આનો =૧૬. તોલા ને વાલનું ગુણોત્તર ૩૨ વાલ÷૧ વાલ =૩૨, ગજ ને તસુનું ગુણોત્તર ૨૪ તસુ÷૧ તસુ=૨૪, રૂ. ૨)≡ને રૂા. ૧૦॥≡નું ગુણોત્તર ૩૫ આના÷૧૭૫ આના=$\frac{૩૫}{૧૭૫}$=$\frac{૧}{૫}$ ( રૂ. ૧૦॥≡નો ૨)≡

પાંચમો ભાગ છે), ૨ આના ૪ પાઈ ને ૭ આનાનું ગુણોત્તર ૨૮ પાઈ÷૮૪ પાઇ=$\frac{૨૮}{૮૪}$=$\frac{૧}{૩}$ (૭ આનાનો ૨ આના ૪ પાઈ ત્રીજો ભાગ છે).

ઉપરના દાખલાઓથી સમજાશે કે પરિમાણોનું ગુણોત્તર સાદી સંખ્યાજ આવે. ખાંડી ને મણનું ગુણોત્તર ૨૦, એ ૨૦ મણ ન કહેવાય. ખાંડી અને મણના ગુણોત્તરમાં એટલુંજ સમજવાનું છે કે મણથી ખાંડી ૨૦ ગણી છે, વળી પરિમાણોના ગુણોત્તરમાં એ પણ સમજવાનું છે કે જુદી જુદી જાતના પરિમાણોનું ગુણોત્તર ન નીકળે, ૮ ઘોડા ને ૨ ગાયનું ગુણોત્તર ન નીકળે. ૨ ગાયથી ૮ ઘોડા ૪ ગણા છે એમ ન બોલાય.

## મનોયત્ન ૧.

### નીચેનાં બે પદોનું ગુણોત્તર કાઢો.

૧. ડઝન ને નંગ.
૨. રીમ ને ધા.
૩. ધા ને તાવ.
૪. હજાર ને દશકો.
૫. હજાર ને સેંકડો.
૬. રૂપિયો ને પૈસો.
૭. પૌંડ ને પેન્સ.
૮. રૂપિયો ને ઉપઆના.
૯. ૫ રૂપિયા ને પૈસો.
૧૦. પૌંડ ને ૨ પેન્સ.
૧૧. શેર ને અધોળ.
૧૨. શેર ને નવટાંક.
૧૯. પાઇ ને આના.
૨૦. મણ ને ખાંડી.
૨૧. તસુ ને ગજ.
૨૨. ૪ કેરી ને ૪૦૦ કેરી.
૨૩. ૫ કેળાં ને ૫૦ કેળાં.
૨૪. આનો ને ૪ રૂપિયા.
૨૫. આનો ને મહોર.
૨૬. આનો ને ૧૬ રૂપિયા.
૨૭. નવટાંક ને મણ.
૨૮. પાઇ ને દશ આના.
૨૯. અઢીશેરી ને મણ.
૩૦. પાંચશેરી ને મણ.

૧૩. શેર ને રૂપિયાભાર.
૧૪. તોલો ને વાલ.
૧૫. ગદીઆણો ને રતી.
૧૬. તોલો ને રતી.
૧૭. મહીનો ને દિવસ.
૧૮. વર્ષ ને દિવસ.
૩૧. શેર ને મણ.
૩૨. સવાશેર ને મણ.
૩૩. તસુ ને ૨ ગજ.
૩૪. રૂ. ૦ાા≈ ને રૂા. ૬૦.
૩૫. મણ ને ગાડી.
૩૬. પૈસો ને રૂા. ૫ાા≈

## પાઠ ૪ થો. ૧૦૦ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૧ રૂપિયાના દોકડા ૧૦૦, આનાની બદામ ૧૦૦ અથવા ૬ા દોકડા, ૧૦૦ આને ૬ા રૂપયા, ૧૦૦ પૈસે ૨૫ આના અથવા રૂ. ૧ાા~, ૧૦૦૦ પૈસે રૂ. ૧૫ાા≈; હજારના દશક ૧૦૦, અને મોટા મુડાના મણ ૧૦૦.

### નીચેનાં પરિમાણનાં ગુણોત્તર કાઢો.

રૂપિયા ને દોકડા.
આના ને બદામ.
સેંકડો ને નંગ.
હજાર ને દશકા.
મોટા મુડો ને મણ.

### સેંકડાનાં લેખાંની કુંચીઓ.

પુળાનો ભાવ સેંકડા પર ગણાય છે.

૧ રૂપિયે સેંકડો તો ૧ નંગનું શું ? જ. ૧ દોકડો.

૨ „ „ „ જ. ૨ દોકડા.

સેંકડાનો સોમો ભાગ ૧ નંગ છે, અને રૂપિયાનો સોમો ભાગ દોકડો છે; તેથી સેંકડાનો જેટલા રૂપિયા ભાવ હોય, તેટલા દોકડાનું ૧ નંગ આવે.

**૧. જેટલે રૂપિયે સેંકડો તેટલે દોકડે નંગ.**

૧ આને સેંકડો તો ૧ નંગનું શું? જ. ૧ બદામ.

૨ આને „ „ જ. ૨ બદામ.

સેંકડાનો સોમો ભાગ ૧ નંગ છે, અને આનાનો સોમો ભાગ ૧ બદામ છે; તેથી સેંકડાનો ભાવ જેટલા આના હોય, તેટલી બદામનું ૧ નંગ આવે.

**૨. જેટલે આને સેંકડો તેટલી બદામે નંગ.**

**મનોયત્ન ૨.**

૧. રૂ. ૨॥ સેંકડો તો ૫ નંગનું શું? જ. ૧૨॥ દોકડા અથવા રૂ. ૦)✓.

૨. રૂ. ૦॥–(નવ આને) સેંકડો તો ૭ નંગનું શું? જ. ૬॥ દો. ૩ બદામ.

૩. રૂ. ૫॥=સેંકડો તો ૩ નંગનું શું? જ. ૧૭॥ દો. ૨ બદામ.

૪. રૂ. ૨ સેંકડો તો ૨૪. નંગનું? જ. રૂા. ૫ા ૧૫ દોકડા.

(પ્રથમ ૨ સેંકડાનું કરી, તેમાં ૪૦ નંગની કીમત ઉમેરવી.)

૫. રૂ. ૨॥ સેંકડો તો ૮। દોકડાનાં કેટલાં નંગ આવે? જ. ૩ નંગ.

૬. રૂ. ૨॥= સેંકડો તો ૧૦॥ દોકડાનાં કેટલાં નંગ આવે? જ. ૪ નંગ.

૭. એક સ્લેટના બે આના તો તેવી ૧૦૦ સ્લેટનું શું? જ. રૂ. ૧૨॥.

૮. ૧॥ પૈસાની ૧ પેન્સિલ તો તેવી ૧૦૦ પેન્સિલનું શું? જ. રૂ. ૨ા–॥.

૯. રૂ. ૦ાની એક ચોપડી મળે તો રૂ. ૫૦) ની કેટલી આવે ? જ. ૧૦૦ ચોપડી.

## હજારનાં લેખાંની કુંચીઓ.

ઘાસ, નળીઆં ઈંટો વગેરે હજારના ભાવથી વેચાય છે.

હજારનો સોમો ભાગ દશકો છે, ને રૂપિયાનો સોમો ભાગ દોકડો છે માટે—

**૩. જેટલે રૂપિયે હજાર તેટલે દોકડે ૧૦ નંગ.***

હજારનો સોમો ભાગ દશકો છે, ને આનાનો સોમો ભાગ બદામ છે માટે—

**૪. જેટલે આને હજાર તેટલી બદામે ૧૦ નંગ.**

## મનોયત્ન ૩.

૧. રૂ. ૯ાા હજાર ઈંટ તો ૫૦ ઈંટનું શું ? જ. રૂ. ૦। ૨૨ાા દોકડા.

૨. રૂ. ૦ાઙ હજાર તો ૧૫૦ નંગનું શું ? જ. ૬ાા દોકડા ને ૧ બદામ.

૩ રૂ. ૫ાાઙ હજાર પુળા તો ૭૫ નંગનું શું ? જ. રૂ. ૦। ૧૭ાા દોકડા ૨ાા બદામ.

૪. રૂ. ૧૨ાા હજાર પુળી તો ૦ાઙની કેટલી ? જ. ૫૦ પુળી.

૫. ૧૦ આંકની ચોપડીના બે આના તો ૧૦૦૦ ચોપડીનું શું ? જ. રૂ. ૧૨ાા.

૬. એક ચોપડીના ૩ પૈસા તો તેવી ૧૦૦૦ ચોપડીનું શું ? જ. રૂ. ૪૬ાાઙ (હજાર પૈસે રૂ. ૧૫ાાઙ થાય ).

૭. રૂ. ૨ાઙાા હજાર નળીઆં તો ૨૫૦૦ નું શું ? જ. રૂ.૬) ૦।. [રૂ. ૨×૨ાા+૬ાા આના×૨ાા=રૂ. ૫)+ ૧૬। આના=રૂ. ૬)૦।].

---

* સઘળી કુંચીઓ દાખલા પરથી કઢાવવી.

## મોટા મુડાનાં લેખાંની કુંચીઓ.

ચુનાનો ભાવ ૧૦૦ મણ પર હોય છે.

મોટા મુડા એટલે ૧૦૦ મણનો ૧ મણ સોમો ભાગ છે, ને રૂપિયાનો સોમો ભાગ દોકડો છે માટે—

**૫. જેટલે રૂપિયે મોટો મુડો તેટલે દોકડે મણ.**

મોટા મુડાનો સોમો ભાગ ૧ મણ છે, અને આનાનો ૧૦૦મો ભાગ બદામ છે માટે—

**૬. જેટલે આને મોટો મુડો તેટલી બદામે મણ.**

### મનોયત્ન ૪.

૧. ૧૨ા– મુડો ચુનો મળે તો ૪ મણનું શું? જ. રૂ. ૦। ૨૪ાા દોકડા.

૨. રૂ. ૧૮ાાા મુડો ચુનો મળે તો રૂ ૦ાા–નો કેટલો? જ. ૩ મણ.

૩. મણ ચુનાના રૂ. ૦ા–બેસેતો મુડા ચુનાનું શું બેસે? જ. રૂ. ૩૧.

૪. રૂ. ૧૫ાા– મુડો ચુનો મળે તો ૭ાા મણનું શું? જ. રૂ. ૧) ૨૦ાા દો. ૦ાા બદામ.

(૧૫ દો.×૭ાા+૧૩ બદામ×૭ાા=૧૧૬ા દો.+૧૦૦ાા બદામ=રૂ. ૧)૨૧ાા રૂા. ૦ાા બદામ.)

સૂચના—રૂપિયાનો સોળમો ભાગ આના છે, તેમ દોકડાનો સોળમો ભાગ બદામ છે; માટે રૂપિયાના ભાવમાં દોકડા જવાબ આવતો હોય તો આનાના ભાવમાં બદામ જવાબ આવે. આ સંબંધ વિદ્યાર્થીઓને સમજાવવો.

## પાઠ ૫ મો. ૨૦ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક—૨૦ નંગ=૧ કોડી, ૨૦ ધા=૧ રીમ, ૨૦ તસુ=૧ હાથ, ૨૦ મણ=૧ ખાંડી, ૨૦ ધડી=૧ ભાર, ૨૦ વસા=૧ વીઘો, અને ૨૦ કાઠી (વીસવાસી)=૧ વસો.

### નીચેનાં પરિમાણોનાં ગુણોત્તર કાઢો.

| | |
|---|---|
| કોડી ને નંગ. | વીઘો ને વસો. |
| રીમ ને ધા. | વસો ને કાઠી. |
| હાથ ને તસુ. | રૂપિયો ને ૫ દોકડા. |
| ખાંડી ને મણ. | આનો ને ૫ બદામ. |
| ભાર ને ધડી. | |

### કોડીનાં લેખાંની કુંચીઓ.

વાંસ, વળીઓ, વગેરેનો ભાવ કોડી ઉપર ગણાય છે.

કોડીનો ૨૦ મો ભાગ ૧ નંગ છે, ને રૂપિયાનો ૨૦ મો ભાગ ૫ દોકડા છે માટે—

**૧. જેટલે રૂપિયે કોડી તેથી પાંચગણે દોકડે ૧ નંગ.**

કોડીનો ૨૦ મો ભાગ ૧ નંગ છે, ને આનાનો ૨૦ મો ભાગ પાંચ બદામ છે માટે—

**૨. જેટલે આને કોડી તેથી પાંચગણી બદામે ૧ નંગ.**

(ઉપર મુજબ દાખલાઓ પરથી નીચેની કુંચીઓ બનાવરાવો.)

**૩. જેટલે રૂપિયે રીમ તેથી પાંચગણે દોકડે ધા.**

**૪. જેટલે આને રીમ તેથી પાંચગણી બદામે ધા.**

**૫. જેટલે રૂપિયે હાથ તેથી પાંચગણે દોકડે તસુ.**

**૬. જેટલે આને હાથ તેથી પાંચગણી બદામે તસુ.**

૭. જેટલે રૂપિયે ખાંડી તેથી પાંચગણે દોકડે મણ.
૮. જેટલે આને ખાંડી તેથી પાંચગણી બદામે મણ.
૯. જેટલે રૂપિયે ભાર તેથી પાંચગણે દોકડે ધડી.
૧૦. જેટલે આને ભાર તેથી પાંચગણી બદામે ધડી.
૧૧. જેટલે રૂપિયે વીધો તેથી પાંચગણે દોકડે વસો.
૧૨. જેટલે આને વીધો તેથી પાંચગણી બદામે વસો.
૧૩. જેટલે રૂપિયે વસો તેથી પાંચગણે દોકડે કાઠી.
૧૪. જેટલે આને વસો તેથી પાંચગણી બદામે કાઠી.

## મતોયત્ન ૫.

૧. રૂ. ૩। કોડી તો ૧૨ વળીનું શું? જ. રૂ. ૧॥। ૨૦ દોકડા.

૨. રૂ. ૪॥।= કોડી પીઢો તો ૩ કોડી ને ૪ નંગનું શું? જ. રૂ. ૧૫॥ ૧૦ દોકડા.

૩. રૂ. ૧॥ કોડી વાંસ હોય તો ૨૨॥ દોકડાના કેટલા આવે? જ. ૩ વાંસ.

૪. રૂ. ०।= નંગ તો કોડીનું શું? જ. રૂ. ૮॥।.

૫. રૂ.૮। રીમ કાગળ તો ૧૨ ઘાનું શું? જ.રૂ. ૪॥। ૨૦ દો.

૬. રૂ.૬॥।= રીમ તો ૪ રીમ ૫ ઘાનું શું? જ.રૂ. ૨૯)=॥.

૭. રૂ. ૬) રીમ હોય તો રૂ. ૨) ૧૦ દોકડાના કેટલા કાગળ આવે? જ. ૭ ઘા.

૮. રૂ. ०)−॥। ઘા કાગળ તો રીમ કેમ પડયું? જ. રૂ. ૨)=.

૯. રૂ. ૧।= હાથ તો ૩ હાથ ને ૨ તસુનું શું? જ રૂ ૪। ૧। દોકડો.

૧૦. રૂ. ०)=॥ તસુ હોય તો રૂ. ૩)=નું કેટલું આવે? જ. ૧ હાથ

૧૧. રૂ. ૦)ના તસુ હોય તો હાથનો ભાવ શો ? જ. રૂ. ૧॥॥≈.

૧૨. રૂ. ૧૬॥ ખાંડી જુવાર તો ૭ મણનું શું ? જ. રૂ. ૫॥॥ ૨॥ દો.

૧૩. રૂ. ૩૦॥≈ખાંડી બાજરો તો ૩ મણનું શું ? જ. રૂ. ૪॥ના.

૧૪. રૂ. ૩૫) ખાંડી મગ હોય તો રૂ. ૧૨। ના કેટલા આવે? જ. ૭ મણ.

૧૫. રૂ. ૩।≈ મણ ચોખા હોય તો ખાંડીનું શું ? જ. રૂ. ૬૭॥.

૧૬. રૂ. ૧૧૨॥ ભાર કપાસ તો ૭ ધડીનું શું ? જ. રૂ. ૩૯।≈.

૧૭. ધડી કપાસના રૂ. ૪।≈ તો ભાર કેમ પડયો ? જ. રૂ. ૮૭॥.

૧૮. વીઘા જમીનનું ગણોત રૂ. ૧૧। હોય તો ૩ વીઘા ૭ વસાનું શું ? જ. રૂ. ૩૭॥≈.

૧૯. રૂ. ०॥॥− વસો તો વીઘાનું શું ? જ. રૂ. ૧૬।.

૨૦. રૂ. ૧।≈ વસો તો ૩ વસા ૪ કાઠીનું શું ? જ. રૂ. ૪। ૧૫ દો.

૨૧. રૂ. ०।≈ કાઠી તો વીઘાનું શું ? જ. રૂ. ૧૫૦).

## પાઠ છઠ્ઠો. ૧૨ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૧૨ નંગ=ડઝન, ૧૨ ડઝન=૧ ઓસ, ૧૨ મણ=૧ માણી, ૧૨ ઈંચ=૧ ફુટ, ૧૨ મહીના=૧ વર્ષ, ૧૨ માસા=૧ તોલો, અને પાઈની ઉપપાઈ ૧૬.

### નીચેનાં પરિમાણોનું ગુણોત્તર કાઢો.

| | |
|---|---|
| ડઝન ને નંગ. | વર્ષ ને મહીનો. |
| ઓસ ને ડઝન. | તોલો ને માસો. |
| માણી ને મણ. | રૂપિયો ને ૧૬ પાઈ. |
| ફુટ ને ઈંચ, | આનો ને ૧૬ ઉપપાઇ. |

## ડઝનના લેખાંની કુંચીઓ.

પેન્સિલ, હોલ્ડર, સ્ક્રુ, રૂમાલ, વગેરે ડઝનના ભાવથી વેચાય છે.

ડઝનનો ૧૨ મો ભાગ ૧ નંગ છે, અને રૂપિયાનો ૧૨ મો ભાગ ૧૬ પાઇ છે માટે—

**૧. જેટલે રૂપિયે ડઝન, તેથી ૧૬ ગણી પાઈએ ૧ નંગ.**

ડઝનનો ૧૨ મો ભાગ ૧ નંગ છે, ને આનાનો ૧૨ મો ભાગ ૧૬ ઉપપાઇ ( ૧ પાઇ ) છે માટે—

**૨. જેટલે આને ડઝન તેથી ૧૬ ગણી ઉપપાઇએ અથવા તેટલી પાઈએ નંગ.**

( ઉપર મુજબ દાખલાઓ પરથી નીચેની કુંચીઓ બનાવરાવો.)

**૩. જેટલે રૂપિયે ગ્રોસ તેથી ૧૬ ગણી પાઇએ ડઝન.**

**૪. જેટલે આને ગ્રોસ તેથી ૧૬ ગણી ઉપપાઈએ અથવા તેટલી પાઇએ ડઝન.**

**૫. જેટલે રૂપિયે માણી તેથી ૧૬ ગણી પાઈએ મણ,**

**૬. જેટલે આને માણી તેથી ૧૬ ગણી ઉપપાઇએ અથવા તેટલી પાઈએ મણ.**

**સૂચના**:—જેમ રૂપિયાનો ૧૬ ભાગ આનો છે તેમ પાઇનો ૧૬ મો ભાગ ઉપપાઇ છે; માટે રૂપિયાના ભાવમાં પાઇ જવાબ આવતો હોય, તો આનાના ભાવમાં ઉપપાઈ જવાબ આવે. આ સંબંધ વિદ્યાર્થીઓને સમજાવવો.

### મનોયત્ન ૬.

૧. રૂ. ૧।।। એ ડઝન મોજાં જોડ મળે તો ૫ જોડનું શું? જ. રૂ. ૦।।≈।। ૨ પાઈ.

૨. રૂ. ૩।।।≈ ડઝન તો ૩ ડઝન ૪ નંગનું શું? રૂ. ૧૩)≈,

૩. રૂ.૦ાા– ડઝન તો રૂ. ૦)ાાાા નાં કેટલાં નંગ? જ. ૫ નંગ.

૪. એક સ્લેટનો દોઢ આનો તો તેવી ડઝન સ્લેટનું શું? જ. રૂ. ૧)=.

૫. દોઢ પૈસાની એક પેન્સિલ તો ડઝન પેન્સિલનું શું? જ. રૂ. ૦ા૦ાા.

૬. એક પાઇની ૧ પેન તો ડઝન પેનનું શું? જ. રૂ. ૦)–.

૭. રૂ. ૧)=ગ્રોસ દીવાસળી તો ૭ ડઝનનું શું? જ. રૂ. ૦ાા=ાા.

૮. રૂ. ૦ા– ડઝન તો ગ્રોસનું શું? જ. રૂ. ૩ાાા.

૯. રૂ. ૧૦ાા એ માણી તો ૨ મણનું શું? જ. રૂ. ૧ાાા.

૧૦. રૂ. ૭ાા= માણી તો ૫ મણનું શું? જ. રૂ. ૩ા૦ાા.

૧૧. રૂ. ૧ાાા≡ મણ ડાંગર તો માણીનું શું? જ. રૂ. ૨૩ા.

૧૨. રૂ. ૦ા–ફુટ લાકડું મળે તો ૮ ઇંચનું શું? જ. રૂ.૦)ાા૧ પાઇ.

૧૩. એક મજૂર રહીને રૂ. ૭ાા કમાય છે, તો તેની વર્ષની કમાણી કેટલી? જ. રૂ. ૯૦).

૧૪. રૂ. ૧ા≡ માસો દવા મળે તો તોલાનું શું? જ. રૂ. ૧૭ા.

## પાઠ ૭ મો. ૨૪ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટકઃ—૨૪ તાવ=૧ ધા, ૨૪ મણ = ૧ ભાર, ૨૪ તસુ=૧ ગજ, ૩૬ તસુ = ૧ાા ગજ અથવા ૧ વાર.

### નીચેનાં પરિમાણનાં ગુણોત્તર કાઢો.

ધા ને તાવ, ભાર ને મણ, ગજ ને તસુ, રૂપિયો ને ૮ પાઇ, ને આનો ને ૮ ઉપપાઇ ( ૦ાા પાઇ ).

### ધાનાં લેખાંની કુંચીઓ.

ધાનો ૨૪ મો ભાગ ૧ તાવ છે, ને રૂપિયાનો ૨૪ મો ભાગ ૮ પાઇ છે માટે—

૧. જેટલે રૂપિયે ધા તેથી ૮ ગણી પાઇએ તાવ.

ધાનો ૨૪ મો ભાગ ૧ તાવ છે, ને આનાનો ૨૪ મો ભાગ ૮ ઉપપાઇ (ાા પાઇ) છે માટે—

૨. જેટલે આને ધા તેથી ૮ ગણી ઉપપાઇ (ાા) પાઇએ તાવ.

(ઉપર મુજબ દાખલાઓ પરથી નીચેની કુંચીઓ બનાવરાવો).

૩. જેટલે રૂપિયે ભાર તેથી ૮ ગણી પાઇએ મણ.

૪. જેટલે આને ભાર તેથી ૮ ગણી ઉપપાઇએ (ાાપાઈ) એ મણ.

૫. જેટલે રૂપિયે ગજ તેથી ૮ ગણી પાઇએ તસુ.

૬. જેટલે આને ગજ તેથી ૮ ગણી ઉપપાઇ (ાાપાઇ) એ તસુ.

## મનોયત્ન ૭.

૧. રૂ. ાાા એ ધા તો ૮ તાવનું શું? જ. રૂ. ા.

૨. રૂ. ૧ાા≈ ધા તો ૩ ધા ૪ તાવનું શું? જ. રૂ. ૫)≈ા૧ પાઈ.

૩. રૂ. ા એ ધા તો ૧૦ પાઇના તાવ કેટલા? જ. ૫ તાવ.

૪. રૂ. ા‑ાા એ તાવ તો ધાનું શું બેસે? જ. રૂ. ૨ા.

૫. બે પૈસાનો તાવ તો ધાનું શું? જ. રૂ. ાાા.

૬. રૂ. ૧૦૫) એ ભાર તો ૫ મણનું શું? જ. રૂ. ૨૧ાાા≈. [રૂ. ૧૦૫)÷૨૪=૧ મણના રૂ. ૪) ને શેષ રૂ. ૯) રહ્યા તેને ૮ ગણી પાઇએ ગુણતાં ૭૨ પાઇ=૬ આના આવ્યા, એટલે ૧ મણના રૂ. ૪ા≈×૫=જ. રૂ. ૨૧ાાા≈].

૭. રૂ. ૧૨૧ાાા≈ એ ભાર તો ૭ મણનું શું? જ. રૂ. ૩૫ાા૦ાાા. (રૂ. ૧૨૧ાાા≈÷૨૪=૧ મણના રૂ. ૫) ને શેષ રૂ. ૧ાાા≈×૮ પાઇ=૧૫ પાઇ; એટલે ૧ મણના રૂ. ૫)‑ા,×૭=જ. રૂ. ૩૫ાા૦ાાા).

૮. મણ કપાસના રૂ. ૩ાાા તો ભારનો ભાવ શો ? જ. રૂ. ૯૩).

૯. રૂ. ૧ાા એ ગજ ગજીઆણી તો ૯ તસુનું શું ? જ. રૂ. ૦ાા.

૧૦. રૂ. ૨ા ગજ તો ૫ ગજ ૩ તસુનું શું ? જ. રૂ. ૧૨ાાા ૧ાા પાઇ.

૧૧. રૂ. ૩ાા ગજ તો રૂ. ૦ાા ૦ાાનું કેટલું કપડું મળે ? જ. ૫ તસુ.

૧૨. એક તસુના રૂ. ૦)ાા તો ૧ ગજનું શું ? જ. રૂ. ૩ા=.

૧૩. એક તસુના ૨ાા પૈસા તો ગજનું શું ? જ. રૂ. ૦ાાા.

૧૪. એક રૂપિયાનું ૬ ગજ તો ૬ તસુનું શું ? જ. ૮ પાઇ.
( ૬ ગજનો ૬ તસુ ૨૪ મો ભાગ છે માટે ૧ રૂ.÷૨૪=૮પાઇ. રૂપિયાનું જેટલા ગજ તેટલા તસુની ૮ પાઇ. )

૧૫. રૂ. ૧) નું ૯ ગજ તો ૨૭ તસુનું શું ? જ. રૂ. ૦).

૧૬. રૂ. ૧)નું ૩ વાર કપડું મળે તો ૮ પાઇનું કેટલું આવે ? જ. ૪ાા તસુ.

---

## પાઠ ૮ મો. ૪૦ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૪૦ રૂપિયાભાર=૧ શેર, ૪૦ શેર=૧ મણ, ૪૦ મણ=૧ મુડો, ૪૦ મુંડા=૧ એકર.

### નીચેના પરિમાણનાં ગુણોત્તર કાઢો.

| | | |
|---|---|---|
| શેર ને રૂપિયાભાર. | મુડો ને મણ. | રૂપિયો ને ૨ાા દોકડા. |
| મણ ને શેર. | એકર ને મુંડો. | આનો ને ૨ાા બદામ. |

### શેરનાં લેખાંની કુંચીઓ.

શેરનો ૪૦ મો ભાગ રૂપિયાભાર છે, અને રૂપિયાનો ૪૦ મો ભાગ ૨ાા દોકડા છે માટે—

**૧. જેટલે રૂપિયે શેર તેથી અઢીગણે દોકડે રૂપિયાભાર.**

શેરનો ૪૦ મો ભાગ રૂપિયાભાર છે ને આનાનો ૪૦ મો ભાગ ૨॥ બદામ છે માટે—

**૨. જેટલે આને શેર તેથી અઢીગણી બદામે રૂપિયાભાર.**

(ઉપર મુજબ દાખલાઓ પરથી નીચેની કુંચીઓ બનાવરાવો.)

**૩. જેટલે રૂપિયે મણ તેથી અઢીગણે દોકડે શેર.**

**૪. જેટલે આને મણ તેથી અઢીગણી બદામે શેર.**

**૫. જેટલે રૂપિયે મુડા તેથી અઢીગણે દોકડે મણ.**

**૬. જેટલે આને મુડા તેથી અઢીગણી બદામે મણ.**

**૭. જેટલે રૂપિયે એકર તેથી અઢીગણે દોકડે ગુંઠા.**

**૮. જેટલે આને એકર તેથી અઢીગણી બદામે ગુંઠા.**

## મનોયત્ન ૮.

૧. રૂ. ૧॥ એ શેર પીસ્તાં હોય તો ૭ રૂ. ભારનું શું? જ. દોકડા ૧૧.

૨. રૂ.૦॥~શેર હીંગ હોય તો ૫ રૂ. ભારનું શું? જ.૭દો. ૦॥બદામ.

૩. રૂ. ૧૦)એ શેર તો ૩ શેર ૪ રૂ. ભારનું શું? જ. રૂ. ૩૧).

૪. રૂ. ૩॥=શેર તો ૪ શેર ૩ રૂ. ભારનું શું? જ. રૂ. ૧૫॥ ૪ દો. ૧ બદામ. (રૂ. ૩॥=×૪=રૂ. ૧૫॥,+૩×૨॥×૩= ૨૨॥ દો., +૧૪×૨॥×૩=૧૦૫ બદામ.)

૫. રૂ. ૩)નું શેર તો રૂ. ૦। ૨૦ દોકડાનું કેટલું આવે? જ. ૬ રૂ. ભાર.

૬. રૂ. ૦।~નું ૧ રૂ, ભાર તો શેરનું શું? જ. રૂ. ૧૨॥.

૭. ૩ પૈસાનું શેર શાક તો ૧ મણનું શું? જ. રૂ. ૧॥=.

૮. એક રૂપિયાનું કેસર ૧॥ રૂ. ભાર તો ૧॥ શેરનું શું? જ. રૂ. ૪૦). (૧॥ રૂ. ભારથી ૧॥ શેર ૪૦ ગણા છે, માટે.

રૂ. ૧)×૪૦=૪૦ રૂ.) **એક રૂપિયાનું જેટલા રૂ.ભાર, તેટલા શેરના ૪૦ રૂ.**

૯. એક રૂપિયાનું ૪ રૂ. ભાર તો ૮ શેરનું શું ? જ. રૂ. ૮૦). (૪ શેરના ૪૦ રૂપિયા માટે ૮ શેરના ૮૦ રૂ).

૧૦. એક રૂપિયાનું ૨ શેર ઘી મળે તો ૨ મણુ ઘીનું શું જ. રૂ. ૪૦ ). (૨ શેરથી ૨ મણુ ૪૦ ગણુા છે માટે ૧ રૂ.×૪૦= ૪૦ રૂ.) **એક રૂપિયાનું જેટલા શેર તેટલા મણુના ૪૦ રૂપિયા.**

૧૧. એક રૂપિયાનું ૨ાા શેર તો ૭ાા મણુનું શું ? જ. રૂ. ૧૨૦). [ ૨ાા મણુના રૂ. ૪૦ ) તો ૭ાા મણુના ૪૦×૩=૧૨૦ રૂ.)

૧૨. એક રૂપિયાનું ૩ શેર તો ૩ રૂ. ભારનું શું ? જ. ૨ાા દોકડા. (૩ શેરનો ૩ રૂ. ભાર ૪૦ મો ભાગ છે, માટે ૧ રૂપિયો÷૪૦= ૨ાા દો.) **એક રૂપિયાનું જેટલા શેર તેટલા રૂપિયા-ભારના ૨ાા દોકડા.**

---

૧૩. રૂ. ૧૯ાા એ મણુ ઘી તો ૫ શેરનું શું ? જ. રૂ. ૨ા ૧૮ાા દોકડા.

૧૪. રૂ. ૦ાાા– મણુ દૂધ હોય તો ૪ શેરનું શું ? જ. ૮ દો. ૨ બદામ.

૧૫. રૂ. ૧૧)નું મણુ તેલ હોય તો ૩ મણુ ૬ શેરનું શું ? જ. રૂ. ૩૪ાા ૧૫ દો.

૧૬. રૂ. ૯ાાાન્નું મણુ રૂ હોય તો ૬ મણુ ૪ શેરનું શું ? જ. રૂ. ૬૦) ૨૩ાાા દો. (૯ાાા≈×૬=૫૯ા રૂ.,+૯×૨ાા×૪=૯૦ દો., +૧૪×૨ાા×૪ =૧૪૦ બદામ. )

૧૭. રૂ. ૯ાનું મણ તેલ હોય તો રૂ. ૧ા ૧૭ાા દોકડાનું કેટલું આવે? જ. ૬ શેર. (રૂ. ૧ા ૧૭ાા દો=૧૪૨ાા દો.,÷૯ાા× ૨ાા=૨૩ાા દો.=૬ શેર.)

૧૮. રૂ. ૨ાાનું મણ હોય તો રૂ. ૦ા= કેટલું? જ. ૬ શેર.

૧૯. રૂ. ૧)ના ૪ મણ કઠી તો ૧૬૦ મણનું શું? જ. રૂ.૪૦).

૨૦. રૂ. ૨)ના ૧ાા મણ હોય તો ૬૦ મણ કોયલાનું શું? જ. રૂ. ૮૦). (૧ાા મણથી ૬૦ મણ ૪૦ ગણા છે માટે ૨× ૪૦=૮૦ રૂ.)

૨૧. રૂ. ૧)નું ૧ાા મણ દૂધ હોય તો ૧ાા શેરનું શું? જ. ૨ાા દો. (૧ાા મણનો ૧ાા શેર ૪૦ મો ભાગ છે માટે ૧ રૂ÷ ૪૦=૨ાા દો.) એક રૂપિયાનું જેટલા મણ તેટલા શેરના ૨ાા દોકડા.

૨૨. રૂ. ૧ાાા=ના મણ ભીંડા તો રૂ. ૦)૦ાાાના કેટલા? જ. ૧ શેર. (રૂ. ૧ાાા=૩૦ આનાનો રૂ. ૦)૦ાાા, ૪૦ મો ભાગ છે માટે ૧ મણ÷૪૦=૧ શેર.)

૨૩. રૂ. ૩૨ાા એ મુડો તો ૭ મણનું શું? જ. રૂ. ૫ાા૧૮ાા દો.

૨૪. રૂ. ૩૭ાા=મુડો તો ૧૫ મણનું શું? જ. રૂ. ૧૪)= ૧૨ાા બદામ. (૩૭ાા×૨ાા=૯૩ાા દોકડા=૧૫ આના ૧ મણના× ૧૫=૨૨૫ આના=રૂ. ૧૪)-,+૩×૨ાા×૧૫=૧૧૨ાા બદામ =રૂ. ૧૪)= ૧૨ાા બદામ.)

૨૫. રૂ. ૩૫)એ મુડો તો રૂ. ૧ાાાનું કેટલું? જ. ૨ મણ.

૨૬. રૂ. ૧ા-મણ તો મુડાનું શું? જ. રૂ. ૫૨ાા.

---

૨૭. રૂ. ૧૨ાા એ એકર તો ૯ ગુંઠાનું શું? જ. રૂ. ૨ાાા-.

૨૮. રૂ. ૪૫ાા= એકર તો ૨ એકર ૪ ગુંઠાનું શું? જ. રૂ.૯૫ાાા-.

૨૯. રૂ. ૬૨॥ એ એકર તો રૂ. ૧॥૮નું કેટલું? જ. ૧ ગુંઠો.
૩૦. રૂ. ૧॥॥૮ ગુંઠો જમીન ખેડાય તો ૧ એકરનું શું? જ. રૂ. ૭૨॥.

## પાઠ ૯ મો. ૪૮ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:— ૪૮ શેર=૧ ધડી. ૪૮ રતી=૧ ગદિઆણો.

### નીચેનાં પરિમાણોનાં ગુણોત્તર કાઢો.

| | |
|---|---|
| ધડી ને શેર. | ૧ રૂપિયો ને ૪ પાઈ. |
| ગદિઆણો ને રતી. | પાવલું ને પાઇ. |
| ૨ ગજ ને તસુ. | આનો ને ૪ ઉપપાઇ (૦। પાઇ). |
| ત્રણ રૂપિયા ને આનો. | |

### ધડીનાં લેખાંની કુંચીઓ.

ધડીનો ૪૮ મો ભાગ શેર છે, ને રૂપિયાનો ૪૮ મો ભાગ ૪ પાઈ છે માટે—

**૧. જેટલે રૂપિયે ધડી, તેથી ૪ ગણી પાઇએ શેર.**

ધડીનો ૪૮ મો ભાગ શેર છે, ને આનાનો ૪૮ મો ભાગ ૪ ઉપપાઈ (૦। પાઇ) છે માટે—

**૨. જેટલે આને ધડી, તેથી ૪ ગણી ઉપપાઇ (૦। પાઇ)-એ શેર.**

(ઉપર મુજબ દાખલાઓ પરથી નીચેની કુંચીઓ બનાવરાવો.)

**૩. જેટલે રૂપિયે ગદિઆણો તેથી ૪ ગણી પાઇએ રતી.**

**૪. જેટલે આને ગદિઆણો તેથી ૪ ગણી ઉપપાઇ (૦। પાઇ)એ રતી.**

### મનોયત્ન ૯.

૧. રૂ. ૪ાએ ધડી કપાસ તો ૯ શેરનું શું? જ. રૂ. ૦॥૮॥.

૨. રૂ. ૪॥।= ધડી કપાસ તો ૨ ધડી ૮ શેરનું શું ? જ. રૂ. ૧૦॥-.

૩. રૂ. ૩॥એ ધડી કપાસ, તો રૂ. ૦)॥ાનો કેટલો?જ. ૩ શેર.

૪. રૂ. ૦)=ાનો શેર કપાસ, તો ધડીનું શું ? જ. રૂ. ૫॥.

૫. રૂ. ૧૧એ ગદિઆણો તો ૨ રતીભારનું શું ? જ. રૂ. ૦॥ા.

૬. રૂ. ૦॥- ગદિઆણો દવા મળે, તો ?॥ રતીભારનું શું? જ. પાઈ ૪॥= ઉપપાઈ.

૭. રૂ. ૧૨)= ગદિઆણો તો ૩ ગદિ ૨ રતીભારનું શું ? જ. રૂ. ૩૬॥= ૧ પાઇ.

૮. રૂ. ૧૨) ગદિઆણો તો રૂ. ૦॥નું કેટલું ? જ. ૨ રતીભાર.

૯. ૧ રતીભાર દવાના રૂ. ૦)= તો ગદિઆણાનું શું?જ.રૂ.૬).

૧૦. એક આનાનાં ૨ સક્કરજન તો ૩ રૂપિયાનાં કેટલાં?જ.૯૬.

૧૧. એક પૈસાની બે દીવાસળીની પેટી મળે છે તો રૂ. ૦॥ ની કેટલી ? જ. ૯૬.

૧૨. એક પાઇની એક પેન તો રૂ. ૦ાની કેટલી ? જ. ૪૮.

૧૩. ચાર પેન્સિલના બે આના તો ૧૯૨ પેન્સિલનું શું?જ.રૂ.૬).

૧૪. બે ગજ ફીતના રૂ. ૨। તો ૧ તસુનું શું?જ.રૂ.૦)૦॥ આનો.

---

## પાઠ ૧૦ મો. ૯૬ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૯૬ રતીભાર = ૧ તોલો.

### નીચેનાં પરિમાણનાં ગુણોત્તર કાઢો.

તોલો ને રતી, રૂપિયો ને ૨ પાઇ, આનો ને બે ઉપપાઇ.

## તોલાનાં લેખાંની કુંચીઓ;

તોલાનો ૯૬ મો ભાગ રતી છે, ને રૂપિયાનો ૯૬ મો ભાગ ૨ પાઇ છે માટે—

**૧. જેટલે રૂપિયે તોલો તેથી બમણી પાઇએ રતી.** (ગદિઆણાથી તોલો બમણો છે, માટે ગદિઆણામાં ૪ ગણી પાઇએ રતીભાર આવે, તો તોલામાં બમણી પાઇએ રતીભાર આવે.)

તોલાનો ૯૬ મો ભાગ રતી છે, ને આનાનો ૯૬ મો ભાગ ૨ ઉપપાઇ છે માટે—

**૨. જેટલે આને તોલો તેથી બમણી ઉપપાઇએ રતી.**

### મનોયત્ન ૧૦.

૧. રૂ.૨૪)એ તોલો સોનું મળે તો ૧ાા રતીભારનું શું ? જ. રૂ. ০ાઃ

૨. રૂ. ০ાા તોલો ચાંદી મળે તો ૪ રતીભારનું શું ? જ. પાા પાઇ. (૧૧×૨×૪=૮૮ ઉપપાઇ=પાા પાઇ.)

૩. રૂ. ૨૪)≡તોલો સોનું મળે તો ૫ તોલા ૨ રતીભારનું શું ? જ. રૂ. ૧૨૧ાા≡ ০ાાા પાઇ.

૪. રૂ. ૨૪) તોલો સોનું તો ૧ા રૂ.નું કેટલું ? જ. ૫ રતીભાર,

૫. રતીભાર દવાના રૂ. ০ા૮ બેસે તો તોલા દવાનું શું? જ. રૂ.૩০).

૬. ૩ પૈસાનું રતીભાર તો તોલાનું શું ? જ. રૂ. ૪ાા.

૭. ૯૬ ભિખારીને સરખે ભાગે રૂ. ૬) વહેંચો, દરેકને શું મળે? જ. ૧ આનો.

૮. ૨ કેરીનો એક પૈસો, તો ૧૯૨ કેરીનું શું ? જ. રૂ. ૧ાા.

## પાઠ ૧૧ મો. ૩૦ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૩૦ મણ=૧ ગાડી, ૩૦ દિવસ=૧ મહીનો.

### નીચેનાં પરિમાણોનાં ગુણોત્તર કાઢો.

ગાડી ને મણ, મહીનો ને દિવસ.

ગાડીના હિસાબ, મુસારાના (પગાર ગણવાના) હિસાબ, અને વ્યાજમાં સર ગણવાને "સાડાસાતનો પા" એ ધાત ઘણી ઉપયોગી છે. એથી હિસાબ બહુ ઝડપથી થાય છે, એટલા માટે આ ધાતના ૪ પાડા નીચે આપીએ છીએ.

| | | | |
|---|---|---|---|
| ૭॥નો ૦। | ૮૨॥ના ૨।॥ | ૧૫૭॥ના પા | ૨૩૨॥ના૭।॥ |
| ૧૫-૦॥ | ૯૦-૩ | ૧૬૫-૫॥ | ૨૪૦-૮ |
| ૨૨॥-૦।॥ | ૯૭॥-૩। | ૧૭૨॥-૫।॥ | ૨૪૭॥-૮। |
| ૩૦-૧ | ૧૦૫-૩॥ | ૧૮૦-૬ | ૨૫૫-૮॥ |
| ૩૭॥-૧। | ૧૧૨॥-૩।॥ | ૧૮૭॥-૬। | ૨૬૨॥-૮।॥ |
| ૪૫-૧॥ | ૧૨૦-૪ | ૧૯૫-૬॥ | ૨૭૦-૯ |
| ૫૨॥-૧।॥ | ૧૨૭॥-૪। | ૨૦૨॥-૬।॥ | ૨૭૭॥-૯। |
| ૬૦-૨ | ૧૩૫-૪॥ | ૨૧૦-૭ | ૨૮૫-૯॥ |
| ૬૭॥-૨। | ૧૪૨॥-૪।॥ | ૨૧૭॥-૭। | ૨૯૨॥-૯।॥ |
| ૭૫-૨॥ | ૧૫૦-૫ | ૨૨૫-૭॥ | ૩૦૦-૧૦ |

જેઓને આ ધાત મોંએ કરાવવી અનુકૂળ ન લાગે, તેમણે ૩૦ના પાડાનો અને પાંતીનો ઉપયોગ કરી છોકરાં પાસે હિસાબ કરાવવા.

### ગાડીના હિસાબની રીતો.

૧. ગાડીનો ભાવ જેટલા રૂપિયા કહ્યા હોય, ને જેટલા મણનું કરવું હોય, તે બેનો ગુણાકાર કરી ત્રીશે ભાગવા. ત્રીશે ભાગવાની સહેલી રીત "સાડાસાતનો પા" એ ધાત ગણવાની છે. જેમ, રૂ.

૩૫) એ ગાસી તો ૭ મણનું શું? ૩૫×૭=૨૪૫, ૨૪૦ ના ૮ માટે ૮ રૂ., બાકી રહ્યા રૂ. ૫) તેના આના ૮૦, ૭૫ ના ૨॥ માટે ૨॥ આના, બાકી રહ્યા ૫ આના, તેની પાઈ ૬૦, ૬૦ ના ૨ માટે ૨ પાઈ. જ. રૂ. ૮)=॥૨ પાઈ.

૨. જ્યારે ઉપરની રીતે ગુણાકાર મોટો થતો હોય, ત્યારે પ્રથમ ૧ મણની કીમત કઢાવી હિસાબ કરાવવો. જેમ, રૂ. ૬૩) એ ગાસી તો ૮ મણનું શું? ૯૦) ના ૩ માટે રૂા. ૯૦) ના ભાવે ૧ મણના ૩, ને ૮ મણના ૨૪ રૂ., રૂ. ૩) ને ભાવે ૮ મણના ૮×૩=૨૪, ૨૨॥ નો ૦॥। માટે ૦॥। રૂ., બાકી ૧॥ રૂ. રહ્યો તેના દોકડા ૧૫૦, ૧૫૦ નો સર ૫ માટે ૫ દોકડા. જ. રૂ. ૨૨॥। ૫ દોકડા.

## મુસારાના હિસાબની રીતો.

મુસારાના હિસાબ ગાસીના હિસાબમાં બતાવેલી રીતેજ થાય છે; જેટલા રૂપિયાનો મહીનો હોય, ને જેટલા દિવસનું કરવું હોય તે બેનો ગુણાકાર કરી ત્રીશે ભાગવા. ત્રીશે ભાગવાની સહેલી રીત "સાડાસાતનો પા" એ ધાત ગણવાનીછે. જેમ,-રૂ. ૧૪) નો મહીનો તો ૯ દિવસનું શું? ૧૪×૯=૧૨૬, ૧૨૦ ના ૪ માટે ૪ રૂ., બાકી રૂ. ૬) રહ્યા તેના દોકડા ૬૦૦, ૬૦૦ નો સર ૨૦ માટે ૨૦ દો. જ. રૂ. ૪) ૨૦ દોકડા.

અથવા રૂપિયાના ૧૦૦ દોકડા માટે—મહીનાના રૂપિયા ને દિવસના ગુણાકારને $\frac{૧૦૦}{૩૦}=\frac{૧૦}{૩}$ એ ગુણવા, એટલે ગુણાકારને માથે મીંડુ ચઢાવી ત્રણે ભાગતાં આવે તેટલા દોકડા જાણવા, ઉપલા હિસાબમાં ૧૪×૯=૧૨૬, ૧૨૬૦÷૩=૪૨૦ દો.=રૂ. ૪) ૨૦ દો.

રૂ. ૪૮)નો મહીનો તો ૧૩ દિવસનું શું? ૪૫ નો ૧॥ માટે

રોજનો રૂ. ૧ાા, તો ૧૩ દિવસના રૂ. ૧૯ાા, બાકી રૂ. ૩)×૧૩=૩૯ રૂ., ૩૯ાા નો ૧૧ માટે ૧૧ રૂ., બાકી રહ્યો રૂ. ૧ાા, તેના દોકડા ૧૫૦, ૧૫૦નો સર ૫ માટે ૫ દોકડા. જ. રૂ. ૨૦ાા ૫ દોકડા.

## મનોયત્ન ૧૧.

૧. રૂ. ૫૨ાા એ ગાહ્લી કમોદ તો ૯ મણનું શું ? જ. રૂ. ૧૫ાાા.

૨. રૂ. ૬૪ાા≈ ગાહ્લી ઘઉં તો ૧૧ મણનું શું ? જ. રૂ. ૨૩ાા≈ાા.

૩. રૂ. ૪૫) એ ગાહ્લી તો રૂ. ૪ાા નું કેટલું ? જ. ૩ મણ.

૪. રૂ. ૧ાા≈ મણ તો ગાહ્લીનું શું ? જ. રૂ. ૫૦ાા≈.

૫. રૂ. ૧૦)નો મહીનો તો ૩ દિવસનું શું ? જ. રૂ. ૧). (મહીનાનો ૩ દિ. ૧૦ મો ભાગ છે માટે ૧૦ રૂ÷૧૦=૧ રૂ.)

૬. રૂ. ૧૨) નો મહીનો તો ૫ દિવસનું શું ? જ. રૂ. ૨). (મહીનાનો ૫ દિવસ ૬ ઠો ભાગ છે માટે ૧૨ રૂ. ÷૬=૨ રૂ.)

૭. રૂ. ૧૮ નો મહીનો તો ૬ દિવસનું શું ? જ. રૂ. ૩ાા ૧૦ દોકડા. (મહીનાનો ૬ દિવસ ૫મો ભાગ છે માટે રૂ. ૧૮)÷૫= રૂ. ૩ાા ૧૦ દોકડા.)

૮. રૂ. ૧૬)નો મહીનો તો ૧૩ દિવસનું શું ? જ. રૂ. ૬ાા≈ાા ૨ પાઇ. (જવાબમાં આખી પાઇ લાવવી. અર્ધીથી ઓછી થાય તો કાઢી નાંખવી, અને વધારે થાય તો આખી ગણવી.)

૯. દરરોજ વ્યાજના રૂ. ૨ાં≈ આવે તો મહીને કેટલું આવે ? જ. રૂ. ૭૧ા.

૧૦. મહીને વ્યાજના રૂ. ૧૬ાાા≈ આવે તો દરરોજનું કેટલું ? જ. રૂ. ૦ાા≈.

# પાઠ ૧૨ મો. ૧૨૦ ગુણોત્તરનાં લેખાં.

## નીચેનાં પરિમાણનાં ગુણોત્તર કાઢો.

ગાલ્લી ને ૦। મણ. ૭॥ રૂપિયા ને ૧ આનો.

૬ કોડી ને એક નંગ. ૦॥ પૌંડ ને ૧ પેનિ.

૧૦ ડઝન ને એક નંગ. ૧૦ આના ને પાઇ.

૧૨૦ ના અવયવ ૩૦ ને ૪ છે, માટે ૧૨૦ એ ભાગવા હોય તો પ્રથમ ચારે ભાગી જવાબ આવે તેને ત્રીશે ભાગવા. ત્રીશે ભાગવા માટે "સાડાસાતનો પા" એ વાત ગણવાની છે.*

### મનોયત્ન ૧૨.

૧. રૂ. ૧૦૫) એ ગાલ્લી તો ૦। મણનું શું ? જ. રૂ. ૦।॥=. (રૂ. ૧૦૫÷૪=રૂ. ૨૬।, ૨૬।નો સર, ૨૨॥નો ૦॥। માટે ૦॥। રૂ, બાકી વધ્યા રૂ. ૩॥।ના આના ૬૦, ૬૦નો સર ૨ માટે ૨ આના.

૨. રૂ. ૩૭॥, ૧૨૦ માણસને સરખે હિસ્સે વહેંચી આપો તો દરેકને શું મળે ? જ. રૂ. ૦।−. (૩૭॥÷૪=૯।=, રૂ. ૯।=નો સર ૭॥નો ૦। માટે ૦। રૂ., બાકી વધ્યા રૂ. ૧॥।=ના આના ૩૦, ૩૦નો સર ૧ માટે ૧ આનો.)

૩. રૂ. ૪।=, ૧૨૦ જણને સરખે ભાગે વહેંચો તો દરેકને શું મળે ? જ. ૭ પાઇ. (રૂ. ૪।=÷૪=રૂ. ૧)−॥. રૂ. ૧)−॥ ની પાઇ ૨૧૦, તેનો સર ૭, માટે ૭ પાઇ.)

૪. ૧૦ ડઝન હોલ્ડરનો ૧॥ પૌંડ તો ૧ હોલ્ડરનું શું ? જ. ૩ પેન્સ.

---

* ૬૦ એ ભાગવા હોય તો બેએ ભાગી જવાબને ત્રીશે ભાગવા.
૯૦ એ ભાગવા હોય તો ત્રણે ભાગી જવાબને ત્રીશે ભાગવા.

(૧ાા પોંડ÷૪=૭ાા શિલિંગ. ૭ાા શિલિંગ ૧ પેન્સ ૯૦નો સર ૩ માટે ૩ પેન્સ.)

૫. એક નંગનો ૧ાા આનો તો ૧૦ ડઝનનું શું? જ. રૂ. ૧૧ા.

૬. એક નંગને ાા આનો તો ૬ કોડીનું શું? જ. રૂ. ૩ાા.

૭. ૬૦ નંગના રૂ. ૧૧ા તો ૧ નંગનું શું? જ. રૂ ૦≈.

૮. ૬૦ નંગના રૂ. ૧૫) તો ૧ નંગનું શું? જ. રૂ. ૦)≈ા ૨ પાઇ

---

## પાઠ ૧૩ મો. ૩૬૦ ગુણોત્તરના દાખલા.

કોષ્ટક:—૩૬૦ દિવસ=૧ વર્ષ.

### નીચેનાં પરિમાણોનાં ગુણોત્તર કાઢો.

વર્ષ ને દિવસ, ૩૦ આના ને ૧ પાઇ, ૨૨ાા રૂ ને ૧ આનો.

૩૬૦ના અવયવ ૩૦ ને ૧૨ છે માટે રૂપિયાને ૩૬૦ એ ભાગવા હોય તો પ્રથમ બારે ભાગવા. ભાગાકાર આવે તેટલા રૂપિયા, ને શેષને રોજે ગુણતાં આવે તેટલી પાઇ. પછી આવેલા જવાબને ત્રીશે ભાગવાની સહેલી રીત "સાડાસાતનો પા" એ ધાત ગણવાની છે.

### મનોયત્ન ૧૩.

૧. એક માણસની વાર્ષિક પેદાશ રૂ ૧૫૦) હોય તો દરરોજની કમાણી શી? જ. રૂ. ૦≈ા ૨ પાઇ. (૧૫૦રૂ.÷૧૨=રૂ ૧૨ાા. રૂ. ૧૨ાા નો સર, ૭ાાનો ૦ા માટે ૦ા રૂ, બાકી વધ્યા રૂ ૫), તેના આના ૮૦, ૭૫ના ૨ાા માટે ૨ાા આના, બાકી વધ્યા ૫ આના. ૫ આનાની પાઇ ૬૦, તેનો સર ૨, માટે ૨ પાઇ.)

૨ રૂ. ૧૧૨ાાનું વર્ષ હોય તો ૧ દિવસનું શું? જ. ૫ આના. (રૂ. ૧૧૨ાા÷૧૨=રૂ. ૯ાા≈, તેના આના ૧૫૦, ૧૫૦નો સર ૫ માટે ૫ આના.)

૩. એક માણુસની વાર્ષિક કમાણી રૂ. ૬૪) તો દરરોજ કમાણી શી? જ. રૂ. ૦)ના ૧ પાઇ. (રૂા. ૬૪÷૧૨=રૂ. ૫), ને શેષ ૪,×૧૬=૬૪ પાઇ. રૂ. ૫ ને ૬૪ પાઇ=૮૫ આના ને ૪ પાઇ, તેનો સર, ૮૨ા ના ૨ાા માટે ૨ાા આના, બાકી વધ્યા ૨ા આના ને ૪ પાઇ, તેની પાઈ ૩૪, તેનો સર ૧ માટે એક પાઇ.)

૪. દરરોજની કમાણી રૂ. ૦ા૦ તો વાર્ષિક પેદાશ કેટલી? જ. રૂ. ૧૩૫). (દરરોજની કમાણી ૧ આનો હોય તો વાર્ષિક રૂ. ૨૨ાા કમાણી થાય, માટે ૨૨ાા×૬=૧૩૫.)

૫. એક મજૂર દરરોજ રૂા. ૦ા કમાય છે ને રૂ. ૦)ા ખર્ચે છે, તો વર્ષ આખરે તેની પાસે શું બચશે? જ. રૂ. ૧૬ાાા૦. (દરરોજની કમાણી ૧ પાઈ હોય તો વર્ષે ૩૦ આના થાય, હવે દરરોજની બચત નવ પાઇ છે માટે ૩૦ આના×૯=૨૭૦ આના=રૂ. ૧૬ાાા૦.)

# ખંડ ૩ જો. ધોરણ પાંચમા માટે.

આ ધોરણમા મુખગણિતમા ૮, ૧૦, ૧૬, ૩૨, ૬૪, ૨૪૦, ૨૫૬ અને ૩૨૦ એટલા ગુણોત્તરોનો ઉપયોગ થાય એવા પ્રશ્નો પૂછવાના ઠરાવેલા છે આને માટે નીચેને ક્રમે કામ કરવું.

## પાઠ ૧. ૮ ગુણોત્તરનાં લેખા.

કોષ્ટક:—૮ નવટાંક=૧ શેર, ૮ પાંચશેરી=૧ મણ, ૮ બેઆની =૧ રૂપિયો.

## નીચેનાં પરિમાણોનું ગુણોત્તર કાઢો.

શેર ને નવટાંક.　　રૂપિયો ને બેઆની.

મણ ને પાંચશેરી.　　આનો ને ૨ ઉપઆના.

## શેરનાં લેખાંની કુંચીઓ.

શેરનો આઠમો ભાગ નવટાંક છે, અને રૂપિયાનો આઠમો ભાગ બેઆની છે માટે—

**૧. જેટલે રૂપિયે શેર તેથી બમણે આને નવટાંક.**

શેરનો આઠમો ભાગ નવટાંક છે, અને આનાનો ૮મો ભાગ બે ઉપઆના ( ૧॥ પાઈ ) છે માટે—

**૨ જેટલે આને શેર તેથી બમણે ઉપઆને ( ૧॥ પાઈએ )નવટાંક.**

( ઉપર મુજબ દાખલાઓ પરથી નીચેની કુંચીઓ બનાવરાવો. )

**૩. જેટલે રૂપિયે મણ તેથી બમણે આને પાંચશેર.**

**૪. જેટલે આને મણ તેથી બમણે ઉપઆને (૧॥ પાઈએ) પાંચશેર.**

## મનોયત્ન ૧.

૧. રૂ. ૩૨) એ શેર કેસર તો નવટાંકનું શું ? જ. રૂ. ૪).

૨. રૂ. ०॥– શેર ચાહ તો નવટાંકનું શું ? જ. રૂ. ०)–)॥.

૩. રૂ. ૨॥= શેર તો ૩ શેર નવટાંકનું શું ? જ. રૂ. ૮)॥.

૪. રૂ. ૪॥= શેર તો રૂ. ०॥–નું કેટલું ? જ. શેર ०)॥.

૫. નવટાંકનો રૂ. ૧।– તો શેરનું શું ? જવાબ રૂ. ૧०॥.

૬. રૂ. ૨।એ મણ તો પાંચ શેરનું શું ? જ. રૂ. ०। ०॥.

૭. રૂ. ०॥= મણ તો પાંચ શેરનું શું ? જ. રૂ. ०)–॥.

૮. રૂ. ૨॥= મણ તો ૨॥ મણ ૫ શેરનું શું ? જ. ७॥०॥.

૯. રૂ. ૧૪ાા~ મણ ઘી તો રૂ. ૪ાા=નું કેટલું? જ. ૧૦ શેર.
૧૦. પાંચ શેરના રૂ. ૦ા≡ા તો ૧ મણનું શું? જ. રૂ. ૩ાા.
૧૧. ૨ પૈસાના ૫ શેર મૂળા તો ૧ મણનું શું? જ. રૂ. ૦ા.
૧૨. ૩ નકશાની કિમ્મત રૂ. ૧૨) તો તેવા ૨૪ નકશાનું શું? જ. રૂ. ૯૬).
૧૩. ૨ સ્લેટના રૂ. ૦ા~ તો તેવી ૧૬ સ્લેટનું શું? જ. રૂ. ૨ાા.
૧૪. ૧૬ માણસને ઉજાણીનો ખર્ચ રૂ. ૫) આવ્યો તો ૨ માણસોનો કેટલો? જ. રૂ. ૦ાા=.
૧૫. ૨ રૂ. નું વ્યાજ રૂ. ૦)~ તો રૂ. ૧૬)નું કેટલું? જ. રૂ. ૦ાા.
૧૬. રૂ. ૩૫ાાા ખાંડી તો ૨ાા મણનું શું? જ. રૂ. ૪ા≡ાા.
૧૭. રૂ. ૬૨ાા ગાડી તો ૩ાા મણનું શું? જ. રૂ. ૭ાા~.
૧૮. રૂ. ૩૮ાા બેડીઉં તો ચાર મણનું શું? જ. રૂ. ૪ાા~.
૧૯. રૂ. ૧૨ાાા ગદિઆણો તો ૨ વાલનું શું? જ. રૂ. ૧ાા~ાા.
૨૦. રૂ. ૩ા ગજ તો ૩ તસુનું શું? જ. રૂ. ૦ા≡ાા.

---

## પાઠ ૨ જો. ૧૬ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૧૬ અધોળ=૧ શેર, ૧૬ અઢીશેરી=૧ મણ, ૧૬ મણ=૧ કળશી, ૩૨ મણ=૧ બેડીઉં, ૧૬ વાલ=૧ ગદિઆણો, અને ૩૨ વાલ=૧ તોલો.

**નીચેનાં પરિમાણોનાં ગુણોત્તર શોધી કાઢો.**

| | |
|---|---|
| શેર ને અધોળ. | બેડીઉં ને ૨ મણ. |
| મણ ને અઢીશેરી. | મુડા ને ૨ાા મણ. |
| માણી ને ાાા મણ. | મોટા મુડા ને ૬ા મણ. |
| કળશી ને મણ. | ગદિઆણો ને ૧ વાલ. |

ખાંડીને ૧૧ મણ. તોલો ને ૨ વાલ.
ભાર ને ૧।। મણ. રૂપિયો ને આનો.
ગાહ્લી ને ૧।।। મણ ૫ શેર. આનો ને ઉપઆનો (૦।।। પાઈ).

## શેરનાં લેખાંની કુંચીઓ.

શેરનો ૧૬ મો ભાગ અધોળ છે, ને રૂપિયાનો ૧૬ મો ભાગ આનો છે માટે—

૧. જેટલે રૂપિયે શેર તેટલે આને અધોળ.

શેરનો ૧૬ મો ભાગ અધોળ છે, ને આનાનો ૧૬ મો ભાગ ઉપઆનો છે માટે—

૨. જેટલે આને શેર તેટલે ઉપઆને ( ૦।।। પાઈએ ) અધોળ.

( ઉપર મુજબ દાખલા પરથી નીચેની કુંચીઓ બનાવસવો.)

૩. જેટલે રૂપિયે મણ, તેટલા આનાનું ૨।। શેર.
૪. જેટલે આને મણ, તેટલા ઉપઆનાનું ૨।। શેર.
૫. જેટલે રૂપિયે માણી, તેટલા આનાનું ૮।। મણ.
૬. જેટલે આને માણી, તેટલા ઉપઆનાનું ૦।।। મણ.
૭. જેટલે રૂપિયે કળશી, તેટલા આનાનું મણ.
૮. જેટલે આને કળશી, તેટલા ઉપઆનાનું મણ.
૯. જેટલે રૂપિયે ખાંડી, તેટલા આનાનું ૧૧ મણ.
૧૦. જેટલે આને ખાંડી, તેટલા ઉપઆનાનું ૧૧ મણ.
૧૧. જેટલે રૂપિયે ભાર, તેટલા આનાનું ૧।। મણ.
૧૨. જેટલે આને ભાર, તેટલા ઉપઆનાનું ૧।। મણ.
૧૩. જેટલે રૂપિયે ગાહ્લી, તેટલા આનાનું ૧।।। મણ ૫ શેર.

૧૪. જેટલે આને ગાલ્લી, તેટલા ઉપઆનાનું ૧ાા મણ ૫ શેર.
૧૫. જેટલે રૂપિયે બેડીઉં, તેટલા આનાનું ૨ મણ.
૧૬. જેટલે આને બેડીઉં, તેટલા ઉપઆનાનું ૨ મણ.
૧૭. જેટલે રૂપિયે મુડા, તેટલા આનાનું ૨ાા મણ.
૧૮. જેટલે આને મુડા, તેટલા ઉપઆનાનું ૨ાા મણ.
૧૯. જેટલે રૂપિયે મોટા મુડા, તેટલા આનાનું ૬ા મણ.
૨૦. જેટલે આને મોટા મુડા, તેટલા ઉપઆનાનું ૬ા મણ.
૨૧. જેટલે રૂપિયે ગદિઆણા, તેટલે આને વાલ.
૨૨. જેટલે આને ગદિઆણા, તેટલે ઉપઆને વાલ.
૨૩. જેટલે રૂપિયે તોલા, તેટલે આને ૨ વાલ.
૨૪. જેટલે આને તોલા, તેટલે ઉપઆને ૨ વાલ.

સૂચના:—૫ થી ૨૦ સુધાની કુચીઓ ૧૬ ના ગુણોત્તર શિવાય મણની કુંચી પરથી ઉત્પન્ન કરી શકાય, અને એ રીતે ઉત્પન્ન કરાવેલી કુંચીઓ તરત યાદ રહી જાય છે ને ભૂલાતી નથી; માટે છોકરાંને નીચેની રીત બરાબર સમજાવવી.

મણની કુંચીમાં જેટલે રૂપિયે મણ, તેટલા આનાનું ૨ાા શેર આવે છે, તો માણીની કુંચીમાં માણી મણથી ૧૨ ગણી છે માટે ૨ાા શેર×૧૨=૩૦શેર=૦ાાા મણ આવે છે, કળશીની કુંચીમાં ૨ાા શેર×૧૬=૪૦ શેર=૧ મણ આવે છે, ખાંડીની કુંચીમાં ૨ાા શેર×૨૦=૫૦ શેર=૧ા મણ આવે છે, ભારતી કુંચીમાં ૨ાા શેર×૨૪=૬૦ શેર=૧ાા મણ આવે છે, ગાલ્લીની કુંચીમાં ૨ાા શેર×૩૦=૭૫ શેર=૧ાાા મણ ૫ શેર આવે છે, બેડીઆની કુંચીમાં ૨ાા શેર×૩૨=૮૦ શેર =૨ મણ આવે છે, મુડાની કુંચીમાં ૨ાા×૪૦=૧૦૦શેર=૨ાા મણ

આવે છે, અને મોટા મુડાની કુંચીમાં ૨॥ શેર×૧૦૦=૨૫૦ શેર=૬। મણ આવે છે.

રૂપિયાનો ૧૬ મો ભાગ આના છે, અને આનાનો સોળમો ભાગ ઉપઆના છે; માટે રૂપિયાના ભાવમાં આના આવે, ત્યાં આનાના ભાવમાં ઉપઆના આવે.

---

## મનોયત્ન ૨.

૧. રૂ. ૧॥≡ શેર તો શેર ૦)≡નું શું? જ. રૂ. ०।०।~.

૨. રૂ. ૨॥। શેર તો શેર ૪)≡નું શું? જ. રૂ. ૧૧॥०।.

૩. રૂ. ૧૨॥= શેર તો શેર ૨।~નું શું? જ. રૂ. ૨૯)≡)=.

૪. રૂ. ૮॥। શેર તો રૂ. ૩।०॥નું કેટલું? જ. શેર ૭।=.

૫. રૂ. ०)~।નું અધોળ તો રૂ. ૧॥નું કેટલું? જ. ૧ શેર.

૬. રૂ. ०)≡॥નું અધોળ તો ૧ શેરનું શું? જ. રૂ. ૨॥.

૭. ૭॥ શેર સાકર ૧૬ છોકરાને સરખે ભાગે વહેંચી આપવી હોય તો દરેકને કેટલી આપવી? જ. શેર ०।≡॥.

૮. એક રૂપિયાનું ૬ શેર તો ૧ આનાનું કેટલું? જ. ૬ અધોળ. ( ૬ શેર÷૧૬=૬ અધોળ. )

૯. ૧૯॥નું મણ હો તો ૭॥ શેરનું શું? જ. રૂ. ૩॥≡।.

૧૦. રૂ. ०॥।~નું મણ તો ૧૨॥ શેરનું શું? જ. રૂ. ०।०)~.

૧૧. ૨૫॥≡નું મણ તો ૨ મણ ૫ શેરનું શું? જ. રૂ. ૪૫॥०॥=.

૧૨. રૂ ૧૫)નું મણ તો ૩૭॥ શેરનું શું? જ. રૂ. ૧૪)~. ( મણની કિમ્મતમાંથી ૨॥ શેરનું બાદ )

૧૩. રૂ. ૯॥નું મણ તો રૂ. ૧॥।०॥નું કેટલું? જ. ૭॥ શેર.

૧૪. ૦)=નું ૨॥ શેર તો એક મણનું શું ? જ. રૂ. ૩ ).
૧૫. ૩ પૈસાનું ૨॥ શેર શાક તો એક મણનું શું ? જ. રૂ. ૦॥.
૧૬. એક રૂપિયાનું ૫ મણ તો ૧ આનાનું કેટલું ? જ. ૧૨॥ શેર.
( ૫ મણ÷૧૬=૫ અઢીશેરી. )

---

૧૭. રૂ. ૧૮॥= માણી તો ૨૧ મણનું શું? જ. રૂ. ૩॥=.
૧૮. રૂ. ૨૯॥॥= કળશી ડાંગર તો ૫ મણનું શું ? જ. રૂ. ૯।–।=.
૧૯. રૂ. ૩૭॥॥ એ આંડી તો ૬॥ મણનું શું ? જ. રૂ. ૧૦॥૦॥॥.
૨૦. રૂ. ૨૬।= ભાર તો ૬ મણનું શું ? જ. રૂ. ૬॥–॥.
૨૧. રૂ. ૪૨॥= ગાડી તો ૭॥ મણનું શું ? જ. રૂ. ૫।–।.
૨૨. રૂ. ૬૪।= બેડીઉં તો ૧૨ મણનું શું? જ. રૂ. ૨૪)=।.
૨૩. રૂ. ૨॥એ મુડો તો ૬॥ મણનું શું ? જ. રૂ. ૧॥=॥॥=.
૨૪. રૂ. ૨૫॥= મોરો મુડો તો ૧૮॥ મણનું શું ? જ.
રૂ. ૪॥॥૦॥॥=.

---

૨૫. ૧૨॥= ગદિઆણો તો ૩ ગ. ૨ વાલનું શું ? જ.
રૂ. ૪૮॥=॥॥.
૨૬. ૧ વાલ સોનાના રૂ. ૦॥–। બેસે તો ગદિઆણાનું શું ?
જ. રૂ. ૧૩।.
૨૭. રૂ. ૧૨) ગદિઆણો તો ૫ વાલ ૧ રતીભારનું શું ? જ.
રૂ. ૪ ).
૨૮. રૂ. ૨૩॥= તોલો તો ૪ તોલા ૪ વાલનું શું ? જ.
રૂ. ૯૩।=।.
૨૯. રૂ. ૨૪॥એ તોલો તો ૬ વાલ ૨ રતીભારનું શું ? જ.
રૂ. ૫)–॥ પાઇ.

૩૦. રૂ. ૨ાએ ગજ તો ૨ાા આનાનું કેટલું ? જ. ૧ાા તસુ.
૩૧. રૂ. ૧ાએ ગજ તો ૩ ગજ ૪ાા તસુનું શું ? જ. રૂ. ૪ાા૦ાા.
૩૨. રૂ. ૫ા એ વાર બનાત તો ૨ા તસુનું શું ? જ. રૂ. ૦ન્ર.
૩૩. રૂ. ૮ાએ રીમ તો ૨ા ધાનું શું ? જ. રૂ. ૧) ૦ાા.

---

૩૪. ૨ દાડમના ૫ પૈસા તો તેવાં ૩૨ દાડમનું શું ? જ. રૂ. ૧ા.
૩૫. ૪૮ કેરીના રૂ. ૩ાા તો ૩ કેરીનું શું ? જ. રૂ. ૦)ર્રાા.
૩૬. ૧ાા મણુના રૂ. ૨૫) તો ૧ાા કળશીનું શું ? જ. રૂ. ૪૦૦).

---

## પાઠ ૩. ૩૨ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૩૨ સવાશેરી=૧ મણ.

### નીચેનાં પરિમાણનાં ગુણોત્તર કાઢો.

મણ ને સવાશેર.
બેઢીઉં ને મણ.
તોલો ને વાલ.
રૂપિયો ને અર્ધો આનો.
આનો ને ૦ાા ઉપઆનો.

### મણુનાં લેખાંની કુંચીઓ.

મણુનો ૩૨ મો ભાગ સવાશેર છે, ને રૂપિયાનો ૩૨ મો ભાગ અર્ધો આનો છે માટે—

**૧. જેટલે રૂપિયે મણ તેથી અર્ધે આને સવાસેર.**

મણુનો ૩૨ મો ભાગ સવાશેર છે ને આનાનો ૩૨ મો ભાગ અર્ધો ઉપઆનો છે માટે—

**૨. જેટલે આને મણ તેથી અર્ધે ઉપઆને સવાશેર.**

(ઉપર મુજબ દાખલાઓ પરથી નીચેની કુંચીઓ બનાવરાવો.)

**૩. જેટલે રૂપિયે બેઢીઉં તેથી અર્ધે આને મણ.**

૪. જેટલે આને બેડીઉં તેથી અર્ધે ઉપઆને મણ.
૫. જેટલે રૂપિયે તોલો તેથી અર્ધે આને વાલ.
૬. જેટલે આને તોલો તેથી અર્ધે ઉપઆને વાલ.

## મનોયત્ન ૩.

૧. રૂ. ૧૭।। એ મણ ઘી તો ૩।।। શેરનું શું? જ. રૂ. ૧।।=।.
૨. રૂ. ।।= મણ તો ૬। શેરનું શું? જ. રૂ. ૦)–।।–.
૩. રૂ. ૨૩।– મણ તો ૪ મણ ૧। શેરનું શું? જ. રૂ.૯૩।।।≡।=।.
૪. રૂ. ૮।। એ મણ તો રૂ. ૧।–નું કેટલું? જ. ૬। શેર.
૫. ૨ પૈસાનું ૧। શેર તો એક મણનું શું? જ. રૂ. ૧).
૬. રૂ. ૧) નું ૧। શેર તો એક મણનું શું? જ. રૂ. ૩૨).
૭. રૂ. ૬૫) એ બેડીઉં તો ૩ મણનું શું? જ. રૂ. ૬)–।।.
૮. રૂ. ૨૨।।= બેડીઉં તો ૫ મણનું શું? જ. રૂ. ૫)–।।–.
૯. રૂ. ૨૪)= બેડીઉં તો ૫।।। મણનું શું? જ. રૂ. ૪।–।–।।।.
૧૦. રૂ. ૩૭)એ બેડીઉં તો રૂ. ૬।।।≡નું કેટલું? જ. ૬ મણ.
૧૧. રૂ. ૧)નું ૧। મણ તો મુડાનું શું? જ. રૂ. ૩૨).
૧૨. રૂ. ૨૩।। તોલો તો ૫ વાલનું શું? જ. રૂ. ૨।।=।।।.
૧૩. રૂ. ૨૪।– તોલો તો ૨ તોલા ૩ વાલનું શું? જ. રૂ. ૫૦।।=≡।.
૧૪. રૂ. ૨૪)એ તોલો તો ૫ વાલ ૨ રતીનું શું? જ. રૂ. ૪।.
૧૫. રૂ. ૦)–ની ૩ વાલ ચાંદી તો ૩ તોલાનું શું? જ. રૂ. ૨).
૧૬. ૨ ખુરસીના રૂ. ૫।। તો તેવી ૬૪ ખુરસીનું શું? જ. રૂ. ૧૭૬).
૧૭. ૯૬ દાડમના રૂ. ૭।। તો ૩ દાડમનું શું? જ. રૂ. ૦)≡।।.
(રૂ ૭।।÷૩૨=રૂ. ૦)≡।।.) (રૂપિયાથી અર્ધા આના આવે.)

૧૮. ૪ શેર ઘીના રૂ. ૨) તો નવટાંકનું શું ? જ. રૂ. ૦)~.
(૪ શેરનો નવટાંક ૩૨ મો ભાગ છે માટે રૂ. ૨)÷૩૨=રૂ ૦)~.)
૧૯. રૂ. ૧ાા એ શેર તો ૧ા રૂપિયાભારનું શું ? જ. રૂ. ૦)ાાા.
૨૦. રૂ. ૨ાા એ શેર તો ૧ા આનાનું કેટલું ? જ. ૧ા રૂપિયાભાર.

## પાઠ ૪. ૬૪ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ટક:—૧૬ ઉપપૈસા=૧ પૈસો.

**નીચેના પરિમાણનાં ગુણોત્તર શોધી કાઢો.**

| | |
|---|---|
| મણ ને શેર ૦ાાૢ. | ગાહી ને ૧૮ાા શેર. |
| માણી ને ૭ાા શેર. | બેડીઉં ને ૨૦ શેર. |
| કળશી ને ૧૦ શેર. | મુડો ને ૨૫ શેર. |
| ખાંડી ને ૧૨ાા શેર. | રૂપિયો ને પૈસો. |
| ભાર ને ૧૫ શેર. | આનો ને ઉપપૈસો. |

**મણનાં લેખાંની કુંચીઓ.**

મણનો ૬૪ મો ભાગ શેર ૦ાાૢ છે ને રૂપિયાનો ૬૪મો ભાગ પૈસો છે માટે—

**૧. જેટલે રૂપિયે મણ તેટલા પૈસાનું શેર ૦ાાૢ.**

મણનો ૬૪ મો ભાગ શેર ૦ાાૢ છે ને આનાનો ૬૪મો ભાગ ઉપપૈસો છે માટે—

**૨. જેટલે આને મણ તેટલા ઉપપૈસાનું શેર ૦ાાૢ.**

(ઉપરની બે કુંચીઓ પરથી ગુણોત્તર રીતે નીચેની કુંચીઓ ઉત્પન્ન કરાવો.)

મણની કુંચીમાં જેટલે રૂપિયે મણ તેટલા પૈસાનું શેર ૦ાાૢ આવે છે, તો માણીની કુંચીમાં માણી મણથી ૧૨ ગણી છે માટે શેર

૦॥=×૧૨=૭॥ શેર આવે, કળશીની કુંચીમાં શેર ૦॥=×૧૧=૧૦ શેર આવે, ખાંડીની કુંચીમાં શેર ૦॥=×૨૦=૧૨॥ આવે, ભારની કુંચીમાં શેર ૦॥=×૨૪=૧૫ શેર આવે, ગાહ્લીની કુંચીમાં શેર ૦॥=×૩૦=૧૮॥ શેર આવે, એડીઆની કુંચીમાં શેર ૦॥=×૩૨=૨૦ શેર આવે, અને મુડાની કુંચીમાં શેર ૦॥=×૪૦=૨૫ શેર આવે.

૩. જેટલે રૂપિયે માણી તેટલા પૈસાનું ૭॥ શેર.
૪. જેટલે આને માણી તેટલા ઉપપૈસાનું ૭॥ શેર.
૫. જેટલે રૂપિયે કળશી તેટલા પૈસાનું ૧૦ શેર.
૬. જેટલે આને કળશી તેટલા ઉપપૈસાનું ૧૦ શેર.
૭. જેટલે રૂપિયે ખાંડી તેટલા પૈસાનું ૧૨॥ શેર.
૮. જેટલે આને ખાંડી તેટલા ઉપપૈસાનું ૧૨॥ શેર.
૯. જેટલે રૂપિયે ભાર તેટલા પૈસાનું ૧૫ શેર.
૧૦. જેટલે આને ભાર તેટલા ઉપપૈસાનું ૧૫ શેર.
૧૧. જેટલે રૂપિયે ગાહ્લી તેટલા પૈસાનું ૧૮॥ શેર.
૧૨. જેટલે આને ગાહ્લી તેટલા ઉપપૈસાનું ૧૮॥ શેર.
૧૩. જેટલે રૂપિયે એડીઉં તેટલા પૈસાનું ૨૦ શેર.
૧૪. જેટલે આને એડીઉં તેટલા ઉપપૈસાનું ૨૦ શેર.
૧૫. જેટલે રૂપિયે મુડો તેટલા પૈસાનું ૨૫ શેર.
૧૬. જેટલે આને મુડો તેટલા ઉપપૈસાનું ૨૫ શેર.

## મનોયત્ન ૪.

૧. રૂ. ૯) એ મણ તેલ મળે છે તો શેર ૦॥=નું શું ? જ. રૂ. ૦)=।.

૨. રૂા. ૧૯॥ એ મણ ઘી તો ૩ મણ ૧॥'= શેરનું શું ? જ, રૂા. ૫૯॥=॥ ૦॥ પૈસો.

૩. રૂ. ૩૨ા= મણ તો ગાગુ ૨ મણ ૪ા= શેરનું શું જ. રૂ. ૬૮ાા-)-ાા. (૭ ઉપપૈસા=૧ાા ઉપઆનો).
૪. રૂ. ૧૦) એ મણ તેલ તો ૧૦, ૨૦, અને ૩૦ પૈસાનુ કેટલું આવે? જ. શેર ાા=, ૧ા, અને ૧ાાા=.
૫. રૂ. પાાા= મણ તો ૨૯ા= પૈસાનું કેટલું? જ. શેર ૩)=.
૬. ૧ પૈસાનું શેર ાા= તો રૂ. ૧)નું કેટલું? જ. ૧) મણ.
૭. રૂ. ૨પાા= માણી તો ૧૫ શેરનું શું? જ. રૂ. ાાાાાાા પૈસો.
૮. રૂ. ૩૦ાાા= કળશી તો ાાા મણનું શું? રૂ. ૧ા=)=ાા.
૯. રૂ. ૧૨૦)એ ખાંડી તો રૂ. ૧ાાા=નું કેટલું? જ. ૧૨ાા શેર.
૧૦. રૂ. ૯૨ાાએ ભાર તો મણ ૧)પ શેરનું શું? જ. રૂ. ૪ા-ા=.
૧૧. રૂ. ૬પ)એ ગાહ્લી તો રૂ. ૨)ાાનું કેટલું? જ. મણ ાાા૭ાાશેર.
૧૨. રૂ. ૮૬ા=એડીઉ તો ૧ાા મણનું શું? જ. રૂ. ૧ાા=ાાા.
૧૩. રૂ. ૧૨)એ મુડો તો મણ ાાા૭ાા શેરનું શું? જ. રૂ. ાાાાા.
૧૪. ૧ પૈસાનું ૧૫ શેર તો ૨ ભારનું શું? જ. રૂ. ૨).
૧૫. ૩ પૈસાનું ૨૦ શેર તો ૧ એડીયાનું શું? જ. રૂ. ૩).

---

## પાઠ ૫ મો. ૩૨૦ ગુણોત્તરનાં લેખાં.

કોષ્ઠકઃ—૩૨૦ નવટાંક=૧ મણ. ૧૬ વીસવાસી=૧ બદામ.

નીચેનાં પરિમાણનાં ગુણોત્તર કાઢો.

| | |
|---|---|
| મણ ને નવટાંક. | એડીઉ ને ૪ શેર. |
| માણી ને ૧ાા શેર. | ૨૦ રૂપિયા ને આનો. |
| કળશી ને ૨ શેર. | ૫ રૂપિયા ને પૈસો. |
| ખાંડી ને ૨ાા શેર. | રૂપિયો ને ૫ બદામ. |
| ભાર ને ૩ શેર. | આનો ને ૫ વીસવાસી. |
| ગાહ્લી ને ૩ાા શેર. | |

## મણનાં લેખાંની કુંચીઓ.

મણનો ૩૨૦મો ભાગ નવટાંક છે ને રૂપિયાનો ૩૨૦મો ભાગ ૫ બદામ છે માટે—

૧. જેટલે રૂપિયે મણ તેથી પાંચગણી બદામે નવટાંક, અને તેટલી બદામે એક રૂપિયાભાર.

૨. જેટલે આને મણ તેથી પાચગણી વીસવાસીએ નવ ટાંક, અને તેટલી વીસવાસીએ એક રૂપિયાભાર.

મણની કુંચીમાં જેટલે રૂપિયે મણ તેટલી બદામે રૂ. ભાર છે તો માણીમાં તેટલી બદામે ૧૨ રૂપિયાભાર, કળશીમાં ૧૬ રૂ. ભાર, ખાંડીમાં ૨૦ રૂ. ભાર, ભારમાં ૨૪ રૂ. ભાર, ગાલીમાં ૩૦ રૂ. ભાર, અને બેડીઆમાં ૩૨ રૂ. ભાર આવે. આપરથી નીચેની કુંચીઓ બની શકશે.

૩. જેટલે રૂપિયે માણી તેટલી બદામે ૧૨ રૂ. ભાર, અઢીગણી બદામે ૦।। શેર, ને પાંચગણી બદામે ૧।। શેર.

